# Rajkot Municipal Corporation

## Genral Board Question Detail Report

### માહે સપ્ટેમ્બર ૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

| | |
|---|---|
| **General Board Date:** | 19-09-2026 |
| **Question No:** | 1(1) |
| **Corporator Name:** | SANJAYBHAI ARUNBHAI CHAVDA - Corporator : Ward 05 |
| **Question Subject:** | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવતા LIતમામ પ્રકારના આવાસો હાલ સુધીમાં ક્યા ક્યા વિસ્તારોમાં બનાવવામાં આવેલ છે. રાજકોટ શહેરમાં ક્યા ક્યા વિસ્તારોમાંથી ઝુપડપટ્ટી દુર કરવામાં આવેલ છે. તે વિસ્તારો પૈકી દુર કરવામાં આવેલા જે તે ઝુપડપટ્ટીનાં આશ્રીતોને કઈ કઈ આવાસોમાં આશ્રય આપવામાં આવેલ છે. જે તે દુર કરેલી ઝુપડપટ્ટી વિસ્તારની કુલ કેટલી જગ્યાનો કબજો હાલમાં કોની હસ્તક છે. આ દુર કરેલી જગ્યાઓની તમામ વિગતો કુલ ક્ષેત્રફળ તથા વોર્ડ વાઈઝ આપવી. આ તમામ ઝુપડપટ્ટીઓ દુર કરવા બાબતે થયેલ તમામ પ્રકારના ખર્ચની વિગતો ઝુપડપટ્ટી વાઈઝ આપવી. |
| **Department:** | AVAS TECHNICAL |
| **Ward:** | OTHER |
| **Employee:** | E2464-ADHIYA PARESH DHIRENKUMAR |
| **Question Detail:** | રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો. |
| **Question Date:** | 11-09-2026 |

**Answer Details:** રાજકોટ મહાનગરપાલીકા દ્વારા બનાવવામાં આવતા તમામ પ્રકારના આવાસો હાલ સુધીમાં ૧૦૩ સ્થળો પર બનાવવામાં આવેલ છે. તેનું લીસ્ટ આ સાથે સામેલ રાખેલ છે.(એનેક્ષર-A)

રાજકોટ શહેરમાં રૈયાધાર, ભરતનગર, મચ્છુનગર, બીશપ હાઉસ પાસે, હિંગળાજ નગર, બાવળિયાપરા, નટરાજનગર અને જંગલેશ્વર વિસ્તારની ઝુપડપટ્ટી દુર કરવામાં આવેલ છે. તેનું લીસ્ટ આ સાથે સામેલ રાખેલ છે.(એનેક્ષર-B)

તે ઝુપડપટ્ટીનાં આશ્રીતોને રૈયાધાર, ભરતનગર, મચ્છુનગર, બીશપ હાઉસ પાસે, હિંગળાજ નગર, બાવળિયાપરા, નટરાજનગર ISSR હેઠળ તે જ સ્થળે પુનઃવસન કરવામાં આવેલ છે જ્યારે અનટેનેબલ વિસ્તારના લોકોને ગોકુલનગર અને આંબાવાડીમાં બનાવેલ તેમજ ભગવતીપરામાં બનાવેલ આવાસ યોજનાઓમાં આવાસો ફાળવવામાં આવેલ છે.

ISSR હેઠળ કરવામાં આવેલ આવાસ યોજનાઓ અંતર્ગત રીહેબીલીટેશન બાદ વધતી જમીન જે-તે ડેવલપરને ફ્રી હોલ્ડ લેન્ડ તરીકે આપવામાં આવે છે. જેની વોર્ડ વાઈઝ માહિતીનું લીસ્ટ આ સાથે સામેલ રાખેલ છે.(એનેક્ષર-B)
ISSR હેઠળ ઝુપડપટ્ટીઓ દુર કરવા બાબતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોઈપણ ખર્ચ કરવાનો રહેતો નથી.
જ્યારે જંગલેશ્વર વિસ્તારમાં કરવામાં આવેલ ડીમોલીશન ખર્ચ આશરે રૂ. ૨.૭૪ કરોડ થયેલ છે જેનું આંશિક ચુકવણું થયેલ છે અને આંશિક બાકી રહેતું ચુકવણું હવે પછી કરવામાં આવશે . જે નીચે મુજબ છે. (ટેબલ-A)

ADHIYA PARESH DHIRENKUMAR
AVAS YOJANA - CITY ENGINEER
14-09-2026 05:42 PM

# Completed Housing Schemes (એનેક્ષર-A)

| Sr. No. | Name Of Scheme | Year of Sanction | Ward No. | Address/ Location | TPS No. | FP No. | Area in Sq. Mt. approx. | Type of House | No. of Stories | TOTAL DU |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | HUDCO Awas Yojana | 1976-77 | 18 | Kothariya Road (76-77) 48 yards quarters (HUDCO Quarters) | 6 & 11 Rajkot | [TPS 6Rajkot, FP 146, 153, 155] and [TPS 11 Rajkot FP 34, 34/1, 35] | 180737 | EWS | 48 yards Plot | 1622 |
| 2 | HUDCO Awas Yojana | 1978-79 | 8 | Arvindbhai Maniyar Quarters (HUDCO Quarters) | 2 Rajkot | 451, 415, 341 | 8770 | EWS | G+3 | 208 |
| 3 | HUDCO Awas Yojana | 1978-79 | 6 | Opp. Marketing Yard, HUDCO Quarters (84-85) | R.S. No. | 134 | | EWS | 48 yards Plot | 400 |
| 4 | Sulm Quarters | 1982-83 | 3 | Near Special Home for Boys, Jamnagar Road. (Slum Quarters) | R.S. No. 626/P | Ward No.18, C.S. No.1245 | 15804 | EWS | G+3 | 332 |
| 5 | 3012 Awas Yojana | 1996-97 | 13 | Ban Lab | 4 Rajkot | 1064/2 | 2992 | EWS | G+3 | 190 |
| 6 | 3012 Awas Yojana | 1996-97 | 13 | Dalibai Hostel | 4 Rajkot | 1019 | 7089 | EWS | G+3 | 372 |
| 7 | 3012 Awas Yojana | 1996-97 | 13 | Gokuldham | 4 Rajkot | 1055 | 11463 | EWS | G+3 | 576 |
| 8 | 3012 Awas Yojana | 1996-97 | 13 | Guru Prasad Chowk | 4 Rajkot | 1027 | 1542 | EWS | G+3 | 108 |
| 9 | 3012 Awas Yojana | 1996-97 | 13 | Vishwa Nagar | 3 Rajkot | 153 | 5653 | EWS | G+3 | 360 |
| 10 | 3012 Awas Yojana | 1996-97 | 13 | Mayani Nagar | 3 Rajkot | 51 | 8371 | EWS | G+3 | 516 |
| 11 | 3012 Awas Yojana | 1996-97 | 8 | Raj Nagar | 3 Rajkot | 15 | 2605 | EWS | G+3 | 156 |
| 12 | 3012 Awas Yojana | 1996-97 | 16 | Jungaleshwar Main Road | 6 Rajkot | 194 | 15274 | EWS | G+3 | 456 |
| 13 | 3012 Awas Yojana | 1996-97 | 17 | Babariya Colony | 5 Rajkot | 258 | 5380 | EWS | G+3 | 278 |
| 14 | Dharam Nagar A Y | 1998-99 | 1 | Nr. Sterling Hospital, Dharamnagar Avas Yojana | 6 Raiya | 253 | 13958 | EWS | G+3 | 480 |
| 15 | Dharam Nagar A Y | 1998-99 | 1 | Nr. Sterling Hospital, Dharamnagar Avas Yojana | 6 Raiya | 263 | 13340 | EWS | G+3 | 480 |
| 16 | Guruji Nagar A Y | 2002-03 | 10 | Nr. Rani Tower, Kalawad Road, Gurujinagar Avas Yojana | 5 Nanamava | 445 | 4326 | EWS | G+3 | 132 |
| 17 | Guruji Nagar A Y | 2002-03 | 9 | Sadhu Vasvani Road, Gurujinagar Avas Yojana | 4 Raiya | 694 | 7208 | EWS | G+3 | 108 |
| 18 | Guruji Nagar A Y | 2002-03 | 9 | Sadhu Vasvani Road, Gurujinagar Avas Yojana | 4 Raiya | 732 | 9323 | EWS | G+3 | 264 |
| 19 | Guruji Nagar A Y | 2002-03 | 9 | Sadhu Vasvani Road, Gurujinagar Avas Yojana | 4 Raiya | 733 | 9993 | EWS | G+3 | 88 |
| 20 | Guruji Nagar A Y | 2002-03 | 9 | Sadhu Vasvani Road, Gurujinagar Avas Yojana | 4 Raiya | 758 | 2161 | EWS | G+3 | 264 |

| Sr. No. | Name Of Scheme | Year of Sanction | Ward No. | Address/ Location | TPS No. | FP No. | Area in Sq. Mt. approx. | Type of House | No. of Stories | TOTAL DU |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 21 | VAMBAY | 2003-04 | 10 | B/H. Vrundavan So. Kalavad Road, Vambay Avas Yojana | 5 Nanamava | 340 | 29447 | EWS | G+3 | 1344 |
| 22 | VAMBAY | 2003-04 | 15 | Khodiyar Para, Aji Vasaht, Vambay Avas Yojana | R.S. No. | 215 | | EWS | G+3 | 216 |
| 23 | BSUP-I Awas Yojana | 2007-08 | 9 | Opp. Indiyan Park, Raiya Gam | 4 Raiya | 678 | 5762 | EWS | G+3 | 288 |
| 24 | BSUP-I Awas Yojana | 2007-08 | 9 | Nr. Royal School, Raiya Road | 4 Raiya | 770 | 3985 | EWS | G+3 | 160 |
| 25 | BSUP-I Awas Yojana | 2007-08 | 9 | Trilok Park, Nr. Bapa Sitaram Chowk | 4 Raiya | 638 | 7299 | EWS | G+3 | 320 |
| 26 | BSUP-I Awas Yojana | 2007-08 | 9 | Opp. Ajanta Park, Sadhuvasvani Road | 4 Raiya | 394/P | 8145 | EWS | G+3 | 192 |
| 27 | BSUP-I Awas Yojana | 2007-08 | 10 | Opp. Kevalam, Pushkardham Main Road | 5 Nanamava | 218 | 17157 | EWS | G+3 | 576 |
| 28 | BSUP-I Awas Yojana | 2007-08 | 1 | Labh Deep So. Nr. Gandhigram Police Chawki | 6 Raiya | 274 | 1624 | EWS | G+3 | 64 |
| 29 | BSUP-I Awas Yojana | 2007-08 | 1 | Nandanvan So. Nanavati Chowk | 6 Raiya | 225 | 4874 | EWS | G+3 | 208 |
| 30 | BSUP-II Awas Yojana | 2008-09 | 18 | Vinod Nagar, Pani na Tanka Pase | 11 Rajkot | 32 | 8277 | EWS | G+3 | 400 |
| 31 | BSUP-II Awas Yojana | 2008-09 | 5 | Nr. Jakat Naka, Kuvadva Road | R.S. No. | 27/P | 8854 | EWS | G+3 | 440 |
| 32 | BSUP-II Awas Yojana | 2008-09 | 9 | B/H. Teligraf So. Sadhuvasvani Road | 4 Raiya | 757 | 2833 | EWS | G+3 | 136 |
| 33 | BSUP-II Awas Yojana | 2008-09 | 1 | Nr. Sterling Hospital, 150 ft. Ring Road | 6 Raiya | 248 | 10549 | EWS | G+3 | 336 |
| 34 | BSUP-II Awas Yojana | 2008-09 | 8 | Nana Mava Chokadi | 3 Nanamava | 9 | 12289 | EWS | G+3 | 488 |
| 35 | BSUP-II Awas Yojana | 2008-09 | 10 | Nr. Samaddhi Nagar Awas Yojana, Kalavad Road | 5 Nanamava | 343 | 5109 | EWS | G+3 | 248 |
| 36 | BSUP-II Awas Yojana | 2008-09 | 11 | Nr. Arjun Park, Nanamava Road | 7 Nanamava | 2/A | 6282 | EWS | G+3 | 304 |
| 37 | BSUP-II Awas Yojana | 2008-09 | 11 | B/H. Govind Ratna Banglow, Nanamava Road | 7 Nanamava | 17/A | 6309 | EWS | G+3 | 296 |
| 38 | BSUP-II Awas Yojana | 2008-09 | 11 | Nr. Arjun Park, Nanamava Road | 7 Nanamava | 3/2/P | 3297 | EWS | G+3 | 160 |
| 39 | BSUP-II Awas Yojana | 2008-09 | 10 | B/H. Prem Mandir, Kalavad Road | 5 Nanamava | 326 | 7794 | EWS | G+3 | 360 |
| 40 | BSUP-III | 2011-12 | 1 | Raiya Dhar, BSUP-3 Raiyadhar Township | 22 Raiya | 34/A | 19048 | EWS | G+3 | 336 |

| Sr. No. | Name Of Scheme | Year of Sanction | Ward No. | Address/ Location | TPS No. | FP No. | Area in Sq. Mt. approx. | Type of House | No. of Stories | TOTAL DU |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 41 | Safai Kamdar A Y - 1 | 2012-13 | 5 | Pedak Road, Safai kamdar Avas Yojana-1 | 8 Rajkot | 180, 194 | 11411 | EWS | G+3 | 320 |
| 42 | Rajiv Awas Yojana | 2013-14 | 9 | Nataraj Nagar, Sadhu Vasvani Road, Natrajnagar Avas Yojana | 4 Raiya | 460 | 8998 | EWS | G+4 | 252 |
| 43 | MMGY, Package 1 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (LIG), Lokmanya Tilak Township | 23 Rajkot | 14/A | 5127 | LIG | P+7 | 168 |
| 44 | MMGY, Package 1 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (LIG), Krantivir Chandrashekhar Azad Township | 23 Rajkot | 24/B | 9775 | LIG | P+7 | 322 |
| 45 | MMGY, Package 1 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (LIG), Veer Savarkar Township | 23 Rajkot | 30/B | 8828 | LIG | P+7 | 280 |
| 46 | MMGY, Package 1 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (LIG), Krantivir Khudiram Boz Township | 23 Rajkot | 11/A | 4282 | LIG | P+7 | 140 |
| 47 | MMGY, Package 2 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (EWS), Lalbahadur Shashtri Township | 23 Rajkot | 26/B | 15499 | EWS | G+3 | 599 |
| 48 | MMGY, Package 2 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (EWS), Shubhash Chandra Boz Township | 23 Rajkot | 30/A | 11884 | EWS | G+3 | 440 |
| 49 | MMGY, Package 2 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (EWS), Maharana Pratap Township | 23 Rajkot | 22/A | 2888 | EWS | G+3 | 120 |
| 50 | MMGY, Package 2 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (EWS), Zansini Rani Township | 23 Rajkot | 42/A | 2193 | EWS | G+3 | 74 |
| 51 | MMGY, Package 3 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (EWS), Dr. Hedgevar Township | 24 Rajkot | 3/B | 3678 | EWS | P+7 | 168 |
| 52 | MMGY, Package 3 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (EWS), Chhatrapati Shivaji Township | 24 Rajkot | 15/A | 9900 | EWS | P+7 | 448 |
| 53 | MMGY, Package 3 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (LIG), Chhatrapati Shivaji Township | 24 Rajkot | 15/A | 9900 | LIG | P+7 | 448 |
| 54 | MMGY, Package 4 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (EWS), Maharshi Arvind Township | 23 Rajkot | 38/A | 3475 | EWS | P+7 | 224 |
| 55 | MMGY, Package 4 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (LIG), Maharshi Dayanand Saraswati Township | 24 Rajkot | 5/C | 13135 | LIG | P+7 | 448 |
| 56 | MMGY, Package 4 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara, (LIG), Shyamjikrushna Varma Township | 24 Rajkot | 2/D | 7628 | LIG | P+7 | 336 |

| Sr. No. | Name Of Scheme | Year of Sanction | Ward No. | Address/ Location | TPS No. | FP No. | Area in Sq. Mt. approx. | Type of House | No. of Stories | TOTAL DU |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 57 | Safai Kamdar A Y - 2 | 2014-15 | 3 | Nr. Valmiki Vadi, Jamagar Road | Revenue S. | 626/P | 5927 | EWS | G+3 | 192 |
| 58 | Rajiv Awas Yojana | 2014-15 | 3 | Kittipara, NR. Refyuji Colony | City Survey | 972 | 8086 | EWS | G+3 | 304 |
| 59 | Rajiv Awas Yojana | 2014-15 | 6 | Gokulnagar, Sant Kabir Road | 7 Rajkot | 148 | 9901 | EWS | G+3 | 321 |
| 60 | PMAY PPP | 2015-16 | 11 | PPP-7A, Bharat Nagar, Near Speedwell Party Plot | 28 Mavdi | 49/3/A | 1638 | EWS | G+10 | 105 |
| 61 | PMAY PPP | 2015-16 | 1 | PPP-13, Machchhunagar, Ranima Rudima Chawk, B/h: RMC Water Tank | R.S. Survey | 318/P-A | 3827 | EWS | P+7 | 300 |
| 62 | Smart Ghar 1 (PMAY AHP) | 2015-16 | 11 | Near Speedwell Party Plot, Shri Ram Township | 28 Mavdi | 49/A | 4732 | EWS | P+12 | 384 |
| 63 | MMGY Package-5&6 | 2013-14 | 4 | Ward No. 4, Behind D'Mart Mall, Near Chitrakunj Society (EWS) Bhakt kavi Narsinh Mehta Township | 12 Rajkot | 84 | 5430 | EWS | G+7 | 322 |
| 64 | MMGY Package-5&6 | 2013-14 | 4 | Ward No. 4, Near Madhuvan Society, 50 Ft. Road (EWS) Shaid Udhamsinh Township | 12 Rajkot | 86 | 8707 | EWS | P+7 | 462 |
| 65 | MMGY Package-5&6 | 2013-14 | 18 | Ward No. 18, Lal Park, Near Radhakrushna Society (EWS) Kavi Kalapi Township | 10 Rajkot | 96/2 | 3700 | EWS | P+7 | 168 |
| 66 | MMGY Package-5&6 | 2013-14 | 13 | Ward No. 13, Near smrat Industriyal Area, Behind ST Work Shop Gondal Road (EWS) Vir Narmad Township | 4 Rajkot | 1221 | 3840 | EWS | P+7 | 168 |
| 67 | PMAY PPP | 2015-16 | 1 | PPP-6 Raiya Dhar, Ranima Rudima Chawk, Lord Budhdha Township | 22 Raiya | 64/C/1 | 3711.18 | EWS | P+7 | 265 |
| 68 | BSUP-III | 2011-12 | 3 | Popatpara, Near Bhagini Nivedita Township | 24 Rajkot | 17/A/1 | 9426 | EWS | G+3 | 496 |
| 69 | BSUP-III | 2011-12 | 3 | Popatpara, Opp. Bhagini Nivedita Township | 24 Rajkot | 17/B | 9007 | EWS | G+3 | 392 |
| 70 | MMGY Package-5&6 | 2013-14 | 3 | Ward No. 3, Popatpara (EWS), Bhagini Nivedita Township | 24 Rajkot | 17/A/2 | 4903 | EWS | P+7 | 308 |
| 71 | MMGY Package-5&6 | 2013-14 | 4 | Ward No. 4, Near Shivdhara (EWS), Lokmanya Tilak Township | 12 Rajkot | 98 | 4209 | EWS | P+7 | 308 |

| Sr. No. | Name Of Scheme | Year of Sanction | Ward No. | Address/ Location | TPS No. | FP No. | Area in Sq. Mt. approx. | Type of House | No. of Stories | TOTAL DU |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 72 | PMAY PPP | 2015-16 | 11 | PPP-7B, Bharat Nagar-7B Township, Bh. Speedwell Party Plot | 28 Mavdi | 49/1/A+B/1 | 4,658.39 | EWS | P+7 | 314 |
| 73 | Smart Ghar 3 (PMAY AHP) | 2015-16 | 11 | Nr. Ambika Township, Mavdi, Shri Laxman Township | 28 Mavdi | 12/A | 17593 | EWS | P+7 | 1176 |
| 74 | Smart Ghar 2 (PMAY AHP) | 2015-16 | 11 | Nr. Bharat Nagar, Bh. Speedwell Party Plot, Shri Sitaji Township | 28 Mavdi | 49/C | 10082 | EWS | P+7 | 616 |
| 75 | PMAY PPP | 2015-16 | 8 | PPP-14, Hingalaj Nagar, Part-1 Township Near Saurashtra High School | 2 Rajkot | 475/P | 7928 | EWS | P+7 | 145 |
| 76 | Smart Ghar 4-B (PMAY AHP) | 2017-18 | 6 | Sant Kabir Road, Near Gokulnagar, Pujya Ravishankar Maharaj Township | 7 Rajkot | 81 | 3925 | EWS | G+3 | 128 |
| 77 | PMAY PPP | 2015-16 | 10 | PPP-9 Nr. Bishop House PPP Awas Yojana, University Road | 5 Nana Mauva | 95/B | 2,091.60 | EWS | C+G+3&4 | 89 |
| 78 | Smart Ghar 5 (PMAY AHP) | 2016-17 | 4 | Bhagvatipara Main Road, Near Jay Prakash Nagar, Rajkot, Vinoba Bhave Township | 31 Rajkot | 31/3. | 9225 | EWS | P+7 | 590 |
| 79 | Smart Ghar 6 (PMAY AHP-Untenable) | 2016-17 | 4 | Bhagvatipara Main Road, Near Jay Prakash Nagar, Rajkot, Shahid Rajguru Township | 31 Rajkot | 31/4 & 31/A | 28582 | EWS | P+7 | 1538 |
| 80 | WZ AY P-1 PMAY-AHP | 2018-19 | 10 | Nr. Vasant Marvel, Vimalnagar, University Road - MIG, Krantivir Mangal Pande Township | 5 Nanamava | 104 | 7923 | MIG | P+9 | 288 |
| 81 | WZ AY P-1 PMAY-AHP | 2018-19 | 10 | Kalavad Road, Vrundavan So. Road - LIG, Shahid Bhagatsinh Township | 5 Nanamava | 446 | 7566 | LIG | P+7 | 224 |
| 82 | WZ AY P-1 PMAY-AHP | 2018-19 | 10 | Nanamava Road, Opp. Gol Residency - MIG, Lala Lajpatrai Township | 5 Nanamava | 348 | 7012 | MIG | P+13 | 260 |
| 83 | WZ AY P-1 PMAY-AHP | 2018-19 | 1 | Near Animal Hostel, Shital Park chokadi, 150ft. Ring Road - MIG, Sahid Sukhdev Township | 9 Rajkot | S-2 | 16114 | MIG | P+7 | 448 |

| Sr. No. | Name Of Scheme | Year of Sanction | Ward No. | Address/ Location | TPS No. | FP No. | Area in Sq. Mt. approx. | Type of House | No. of Stories | TOTAL DU |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 84 | WZ AY P-1 PMAY-AHP | 2018-19 | 1 | Near Animal Hostel, Shital Park chokadi, 150ft. Ring Road - LIG, Dr. Shyamaprasad Mukharji Township | 9 Rajkot | S-3 | 6811 | LIG | P+5 | 180 |
| 85 | WZ AY P-2 PMAY-AHP | 2018-19 | 11 | Near Ambika Tounship, Bh. Speedwell Party Plot, EWS-II, Pandit Dindayal Upadhyay Township | 28 Mavdi | 2B | 1533 | EWS-II | P+7 | 84 |
| 86 | WZ AY P-2 PMAY-AHP | 2018-19 | 11 | Near Ambika Tounship, Bh. Speedwell Party Plot, EWS-II, Swami Vivekanand Township | 28 Mavdi | 3A | 4388 | EWS-II | P+7 | 210 |
| 87 | WZ AY P-2 PMAY-AHP | 2018-19 | 11 | Near Ambika Tounship, Bh. Speedwell Party Plot, EWS-II, Sardar Vallabhbhai Patel Township | 28 Mavdi | 6A | 3590 | EWS-II | G+3 | 104 |
| 88 | WZ AY P-2 PMAY-AHP | 2018-19 | 11 | Behind Pentagone App., Near Coupper Hieghts EWS-II, Ravindranath Tagore Township | 24 Motamava | 57/1 | 2249 | EWS-II | P+7 | 112 |
| 89 | WZ AY P-2 PMAY-AHP | 2018-19 | 11 | Behind Pentagone App., Near Coupper Hieghts EWS-II, Kalpana Chavla Township | 24 Motamava | 57/2 | 1422 | EWS-II | G+3 | 32 |
| 90 | WZ AY P-3 PMAY-AHP | 2018-19 | 11 | Opp. Selenium Hights, Mavdi to Pal Gam Road, Rajkot LIG, Shiv Township | 27 Mavdi | 41/A | 20968 | LIG | P+9 | 864 |
| 91 | WZ AY P-3 PMAY-AHP | 2018-19 | 11 | Opp. Selenium Hights, Mavdi to Pal Gam Road, Rajkot MIG-I, Mirabai Township | 27 Mavdi | 48/A | 7421 | MIG | P+9 (A-1&2) P+8 (B-1&2) | 272 |
| 92 | GHTC-I (LHP-Rajkot) | 2019-20 | 1 | Near Parshuram Temple, Raiya Road, Jijabai Township | 32 Raiya | 63/10(64) | 39599 | EWS-II | P+13 | 1144 |
| 93 | Smart Ghar 4 (PMAY AHP-Untenable) | 2016-17 | 14 | Nr. Sorathiyawadi Circle, Bh. Rajkot Nagarik Sahkari Bank, 80 Ft. Road, Rajkot (Laludi Vokali) Veer Tatya Tope Township | 6 Rajkot | 161 | 16822 | EWS | P+11 | 528 |
| 94 | WZ AY P-6 PMAY-AHP | 2019-20 | 11 | Opp. Mavdi Muktidham, B/H Crystal Heaven, 80 ft Road, Rajkot Sudama Township | 27 Mavdi | 33/A | 2982 | EWS-II | P+5 | 200 |

| Sr. No. | Name Of Scheme | Year of Sanction | Ward No. | Address/ Location | TPS No. | FP No. | Area in Sq. Mt. approx. | Type of House | No. of Stories | TOTAL DU |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 95 | WZ AY P-6 PMAY-AHP | 2019-20 | 11 | Opp. Mavdi Muktidham, B/H Crystal Heaven, 80 ft Road, Rajkot Krushna Township | 27 Mavdi | 38/A | 12770 | EWS-II | P+5 | 420 |
| 96 | WZ AY P-6 PMAY-AHP | 2019-20 | 11 | Speedwell Party Plot to Kankot Road, Near New 150 Ft. Ring Road, Nr. Cosmos Plus Apartment, Rajkot Pujay Mahatma Gandhi Township | 28 Mavdi | 37/B | 3901 | EWS-I | P+5 | 180 |
| 97 | WZ AY P-6 PMAY-AHP | 2019-20 | 11 | Speedwell Party Plot to Kankot Road, Near New 150 Ft. Ring Road, Nr. Cosmos Plus Apartment, Rajkot Veer Hanumant Township | 28 Mavdi | 39/A | 4783 | EWS-I | P+5 | 220 |
| 98 | WZ AY P-5 PMAY-AHP | 2019-20 | 11 | Tapan Heights Road, Near RMC Drainage Pumping Station. Shri Lalubhai Parekh Township | 27 Mavdi | 51/B | 8501 | EWS-II | P+9 | 432 |
| 99 | WZ AY P-5 PMAY-AHP | 2019-20 | 12 | Tapan Heights Road, Near RMC Drainage Pumping Station. Shri Laxmanrav Inamdar (Vakil Saheb) Township | 15 Vavdi | 51/B | 11558 | EWS-II | P+13 | 624 |
| 100 | WZ AY P-5 PMAY-AHP | 2019-20 | 12 | Tapan Heights Road, Near RMC Drainage Pumping Station. Shri Mansukhbhai Chhapiya Township | 15 Vavdi | 15/A & 28/A | 17671 | EWS-I | P+12 | 1248 |
| 101 | PMAY PPP | 2018-19 | 9 | PPP-19, Natrajnagar, Sadhu Vasvani Road, Rajkot | 4 Raiya | 459/A | 5926.12 | EWS-II | P+7 | 327 |
| 102 | CZ AY P-1 PMAY-AHP | 2019-20 | 3 | Nr. Central Where House, Popatpara, EWS-2, Shri Godhumalji Ahuja Township | 19 Rajkot | 12/A | 8820 | EWS-II | P+5 | 310 |
| 103 | CZ AY P-1 PMAY-AHP | 2019-20 | 3 | Nr. Central Where House, Popatpara, EWS-2, Loksevak Shri Janakbhai Kotak Township | 19 Rajkot | 12/B | 16252 | EWS-II | P+10 & P+11 | 700 |
| | | | | **TOTAL** | | | | | | **37551** |

| ISSR અંતર્ગત પૂર્ણ થયેલ પ્રોજકટની માહીતી | | | | | | | | (એનેક્ષર-B) | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પ્રોજકટનું નામ | word No. | T.P નંબર | F.P નંબર | પ્રોજેક્ટ કોસ્ટ (રૂ. કરોડમાં) | મંજૂર થયેલ લેન્ડ પ્રીમિયમ | જમીનનો કુલ એરીયા | પાર્સલ A (SRS) for RMC | પાર્સલ B (ડેવલપર્સ) | પ્રોજેકટની વિગત | | |
| | | | | | | | | | | પુર્ણ આવાસો | પુર્ણ દુકાનો | કુલ આવાસો + દુકાન |
| ૧ | PPP-6 રૈયાધાર | 1 | 22 રૈયા | 64/C/1 | 41.45 | 21.11 | 20231 | 3711.18 | 16519.82 | 240 | 25 | 265 |
| ૨ | PPP-7A ભારતનગર-૧ | 11 | 28 મવડી | 49/3/A | 14.57 | 14.21 | 13272 | 1637.69 | 11634.31 | 100 | 5 | 105 |
| 3 | PPP-7B ભારતનગર-૨ | 11 | 28 મવડી | 49/1/A+B/1 | 34.55 | 38.44 | 30505 | 4658.39 | 25846.61 | 314 | 20 | 334 |
| ૪ | PPP-9 બીશપ હોઉસ | 10 | 5 નાનામવા | 95/B | 37.19 | 81.81 | 29676 | 2,091.60 | 27584.40 | 89 | 0 | 89 |
| ૫ | PPP -13 મચ્છુનગર | 1 | RS No. 318/P-A | RS No. 318/P-A | 67.33 | 30.12 | 46863 | 3826.00 | 43037.00 | 310 | 0 | 310 |
| ૬ | PPP-14 હિંગળાજ નગર, પાર્ટ-૧ | 8 | 2 રાજકોટ | 475/A | 7.55 | 40.50 | 7928 | 2377.40 | 5550.60 | 153 | 8 | 161 |
| ૭ | PPP-20 બાવાળીયાપરા | 2 | રાજકોટ R.S. No. 478 | C.S. No.1438 | 14.64 | 13.13 | 4143.6 | 0.00 | 4143.6 | 56 | 0 | 56 |
| ૮ | PPP-19 નટરાજનગર | 9 | 4 રૈયા | 164, 426, 437, 450, 458, 459 | 32.83 | 13.13 | 16894 | 5926.12 | 10967.88 | 327 | 26 | 353 |
| | કુલ | | | | **250.11** | **252.45** | **169512.6** | **24228.38** | **145284.24** | **1589** | **84** | **1673** |

ટેબલ-A

| ક્રમ | **જંગલેશ્વર ડીમોલીશન અંતર્ગત કરેલ ખર્ચની વિગત** | **કુલ ખર્ચ (રૂપિયામાં)** |
|---|---|---|
| 1 | ત્રણેય ઝોન મારફત જેસીબી, ડમ્પર, ટ્રેક્ટર, હિટાચી મશીન વિગેરે વાહનો, ડ્રાઇવર, બ્રેકર, ગેસ કટર વગેરે સાધનો માટે ઓપરેટર, ડ્રાઇવર, સુપરવાઇઝર જેના સુપર વિઝન અને સંકલન, વાહન અને માનવ સંસાધન માટે મેનપાવર ઉપરાંત લેબરના ખર્ચની વિગત. | 14770763 |
| 2 | બાંધકામ વેસ્ટ નિકાલ માટે કરવામાં આવેલ ખર્ચ | 1180023 |
| 3 | ટ્રાન્સપોર્ટ અને હેન્ડલ વ્યવસ્થા માટે કરવામાં આવેલ ખર્ચ | 1419912 |
| 4 | નલ કનેકશન કપાત માટે કરવામાં આવેલ ખર્ચ | 94427 |
| 5 | ઓપન, સેફટી હેલ્મેટ, આઈડ કાર્ડ, મંડપ, લાઈટીંગ કામગીરી માટે કરવામાં આવેલ ખર્ચ | 2097372 |
| 6 | કન્ટ્રોલરૂમ ખાતે લાઈવ મોનીટરીંગ | 61705 |
| 7 | પાણી માટે થયેલ ખર્ચ | 2292096 |
| 8 | વીડિયોગ્રાફી, ડ્રોન દ્વારા સર્વેલન્સ અને મોનીટરીંગ | 2805808 |
| 9 | ફૂડ અને રીફ્રેશમેન્ટ માટે કરવામાં આવેલ ખર્ચ | 2720946 |
| 10 | **કુલ ખર્ચ** | **27443052** |

# માહે સપ્ટેમ્બર ૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

**General Board Date:** 19-09-2026

**Question No:** 1(2)

**Corporator Name:** SANJAYBHAI ARUNBHAI CHAVDA - Corporator : Ward 05

**Question Subject:** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ દિવસ સુધીમાં બનાવેલા આવાસો પૈકી કઈ કઈ આવાસોમાં કેટલા કેટલા ફ્લેટ કેટલા સમયથી ખાલી છે તેની સંપૂર્ણ વિગતો વોર્ડ વાઈઝ આપવી. આ ફ્લેટોને આગામી દિવસોમાં વેચવાનું શું આયોજન છે. આગામી દિવસોમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ક્યા ક્યા વિસ્તારોમાં નવા આવાસો બનાવવાનું આયોજન છે. તેના માટે રાજકોટ મહાનગરપાલિકાના ક્યાં ક્યાં વિસ્તારોની ઝુપડપટ્ટીઓ દુર કરીની તેમનો સમાવેશ આ નવી બનનારી આવાસોમાં કરવામાં આવશે.

**Department:** AVAS TECHNICAL,AVAS YOJANA

**Ward:** OTHER

**Employee:** E2464-ADHIYA PARESH DHIRENKUMAR,E5476-SURYAPRATAP SINGH

**Question Detail:** રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો.

**Question Date:** 11-09-2026

---

**Answer Details:**

(અ) સ્માર્ટ ઘર-૬ (વોર્ડ નં. ૪ ભગવતીપરા)માં બનાવેલ ૧૫૩૮ આવાસો પૈકી ખાલી રહેલ ૧૪૦૪ આવાસો માંથી.પાત્રતા ધરાવતા  ૭૦૧લાભાર્થીઓનો ડ્રો ટૂંક સમયમાં કરવામાં આવશે. જ્યારે ૭૦૩આવાસો માટે પ્રોજેક્ટ અફેક્ટેડ પર્સન તરીકે જંગલેશ્વર, લલુડીવોકળી, ભગવતીપરા, અન્ય સ્લમ વિસ્તારના લાભાર્થીઓ દ્વારા નિયમાનુસાર ડોક્યુમેન્ટ્સ રજુ કર્યેથી આવાસોની ફાળવણી કરવામાં આવશે.

(બ) આગામી દિવસોમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સોશ્યલી & ઈકોનોમિકલી વિકર સેક્શન હાઉસિંગ (SEWSH) નાં અનામત પ્લોટ પર નવા આવાસો બનાવવાનું આયોજન છે. જેનું લીસ્ટ આ સાથે સામેલ રાખેલ છે.(એનેક્ષર-A)

આ નવી બનનાર આવાસ યોજનાઓ આવાસ વિહોણાકોઈપણ લોકો(ઝુપડપટ્ટી વિસ્તાર સહીત) કે જેની વાર્ષિક કૌટુંબિક આવક રૂ.૩ લાખ કે તેથી ઓછી હોય તેવા તમામ લોકોને EWS-I માટે રૂ. ૭ લાખ અને EWS-II માટે ૯ લાખનો લાભાર્થી ફાળો લઈને આપવામાં આવશે.

ADHIYA PARESH DHIRENKUMAR
AVAS YOJANA - CITY ENGINEER
14-09-2026 05:22 PM

**Answer Details:**

માનનીય સભ્યશ્રી,
રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ આવાસ યોજના અંતર્ગત હાલ સુધી બનાવેલ આવાસો પૈકી કુલ ૨૯૦૬ આવાસો ખાલી છે. આ ખાલી આવાસોની વૉર્ડ-વાઇઝ યાદી અને એમની ફાળવણીનું આયોજન 'એનેક્ષર-એ' થી સામેલ છે.

SURYAPRATAP SINGH

**આગામી દિવસોમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સોશ્યલી & ઇકોનોમિકલી વિકર સેક્શન હાઉસિંગ (SEWSH) નાં અનામત પ્લોટ પર નવા આવાસો બનાવવાનું આયોજન** **એનેક્ષર-A**

| ક્રમ | વોર્ડ નં | ટી.પી. | એફ.પી. | પ્લોટ એરિયા (ચો.મી.) | વિસ્તાર | આવાસોની સંખ્યા આશરે | દુકાનોની સંખ્યા આશરે |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 1 | 18-Munjka | 16/A | 6129 | B/H Cosmoplex Cinema, East of Serenity Tower, Munjka | 216 | - |
| 2 | 1 | 32 Raiya | 70 | 12853 | Near By Clear Water Reservoir (CWR), Smart City, Raiya, Rajkot | 648 | 36 |
| 3 | 1 | 9 (Rajkot) | S1 | 30171.52 | Opp. Oscar Sky Park, B/H Ayodhya Residency, Ayodhya Chowk, 150 Feet Ring Rd, Rajkot | 1440 | 112 |
| | | | | | **કુલ આવાસો** | **2304** | **148** |
| | | | | | | | |
| 1 | 3 | 19-Rajkot | 13/B | 6036 | Popatpara | 360 | 11 |
| 2 | 3 | 19-Rajkot | 22/A | 8608 | Popatpara | 508 | 18 |
| 3 | 3 | 19-Rajkot | 25/C | 2899 | Popatpara | 162 | 14 |
| | | | | | **કુલ આવાસો** | **1030** | **43** |
| | | | | | | | |
| 1 | 4 | 12 - RAJKOT | 99 | 3,482.15 | B/h Satnam Park, Society, Rajkot | 144 | - |
| 2 | 4 | 13 - RAJKOT | S3 | 3,556.28 | Shree Rajnagar, Juna Morbi Road, Rajkot | 126 | - |
| | | | | | **કુલ આવાસો** | **270** | **0** |
| | | | | | | | |
| 1 | 9 | 16-Motamava | 38/A | 7594 | Kalawad Road, Nr. Cosmoplex Cinema, Nr. Jaika Restaurant | 336 | 20 |
| 2 | 9 | 16-RAIYA | 20-A | 6845 | Gangotri Park Main Road Samras Hostel | 360 | 24 |
| 3 | 9 | 4 (Raiya) | 395 | 2524.73 | Near By Sadhu Vasvani School, Janak Puri Main Road, Panchayat Nagar, Rajkot | 56 | |
| 4 | 9 | 18-MUNJKA | 37-A | 2442 | opp Paradise banquate hall west side munjka | 80 | - |
| 5 | 9 | 18 - MUNJKA | 15A | 6,402.18 | B/h, Moments Party Plot, Munjka, Rajkot | 124 | - |
| 6 | 9 | 18 - MUNJKA | 30A | 3,865.62 | Opp. Paradise Banquate Hall, Munjka, Rajkot | 68 | - |
| 7 | 9 | 18 - MUNJKA | 30B | 6,332.16 | West Side of Multi Brand Four Wheel Garadge, Munjka, Rajkot | 116 | - |
| | | | | | **કુલ આવાસો** | **1140** | **44** |
| | | | | | | | |
| 1 | 10 | 16-Motamava | 36/A | 6424 | Opp. Genius School, b/h Ambedkar Hostel, Kalawad Road | 320 | 20 |
| 2 | 10 | 10-Motamava | 8/A | 5010 | Opp. Kamavati Party Plot, East side of GETCO, Motamava | 248 | 20 |
| | | | | | **કુલ આવાસો** | **568** | **40** |
| | | | | | | | |
| 1 | 11 | 28-Mavdi | 47/B | 2612 | Speedwell Pary Plot Road | 140 | - |
| 2 | 11 | 27-Mavdi | 4/A | 5886 | B/H, Kasturi, Kankot Road | 688 | 28 |
| | | 26-Mavdi | 59/A | 7670 | B/H, Kasturi, Kankot Road | | |
| 3 | 11 | 27-Mavdi | 39/A | 8484 | B/H Shiv Township | 432 | 16 |
| 4 | 11 | 10-Motamava | 50/A | 16395 | Matuki Restaurant, Kalavad Road, Rajkot | 880 | 6 |
| 5 | 11 | 16-Motamava | 21/A | 10815 | Kalawad Road, Mavdi Kanot Road, Opp. Old Valmi Office | 560 | - |
| 6 | 11 | 16- Motamava | 21/B | 6972 | Kalawad Road, Mavdi Kanot Road, B/H RMC Garden | 315 | - |
| 7 | 11 | 16- Motamava | 39/A | 2925 | Kalawad Road, B/H Cosmoplex Cinema | 108 | - |
| 8 | 11 | 10- Motamava | 75/A | 11190 | Katariya Chokadi, Kalawad Road, 2nd Ring Road | 576 | 10 |
| 9 | 11 | 26-27-MAVDI | 61/A,5/A | 9045 | Near Kasturi Casa Highrise building, B/H Kasturi Kankot Road, Rajkot | 360 | 32 |
| 10 | 11 | 26-MAVDI | 33/A | 4698 | Opp. Ami Residency, Near Ambika Township,Rajkot | 180 | 12 |
| 11 | 11 | 26-MAVDI | 26/A,30/A | 5305 | Opp. Ami Residency,Nr.Ambika Township Rajkot | 234 | - |
| 12 | 11 | 26-MAVDI | 6/A | 7920 | Gautam Nagar, Near Ambika Township, Rajkot | 270 | - |
| 13 | 11 | 17969.83 | 17969.83 | 17969.83 | Nr. Aadarsh Highrise Tower, Mavdi, Rajkot, and B/h, Aadarsh Highrise Tower, Mavdi, Rajkot | 936 | 42 |

આગામી દિવસોમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સોશ્યલી & ઇકોનોમિકલી વિકર સેક્શન હાઉસિંગ **(SEWSH)** નાં અનામત પ્લોટ પર નવા આવાસો બનાવવાનું આયોજન **એનેક્ષર-A**

| ક્રમ | વોર્ડ નં | ટી.પી. | એફ.પી. | પ્લોટ એરિયા (ચો.મી.) | વિસ્તાર | આવાસોની સંખ્યા આશરે | દુકાનોની સંખ્યા આશરે |
|---|---|---|---|---|---|---|---|
| 14 | 11 | 26 & 27 (Mavdi) | 79/A & 23/A | 10353.65 | TP 26 (Mavdi); FP 79/A; Nr. Seven Hills Building, Kankot Road, and<br>TP 27 (Mavdi); FP 23/A; B/h, Aadarsh Dream, Kankot Road, Rajkot | 536 | 27 |
| 15 | 11 | 10-MOTAMAVA | 73-A | 8935 | Second Ring Road,Near Katariya Chowkdi | 432 | 8 |
| 16 | 11 | 26-MAVDI | 40-A | 2682 | Behind Kasturi Residency, Mavdi, Rajkot | 90 | - |
| 17 | 11 | 26-MAVDI | 40-B | 5108 | Behind Kasturi Residency, Mavdi, Rajkot | 180 | - |
| 18 | 11 | 26-MAVDI | 36-A | 1653 | Subh Chock opp Iscon height jivraj park, Mavdi, Rajkot | 60 | - |
| 19 | 11 | 20-NANAMAVA | 38-A | 3136 | Behind aalap socirty opp saibaba park, Nanamava, Rajkot | 108 | 19 |
| 20 | 11 | 16-MOTAMAVA | 24-B | 1386 | Kankot Road kalawad road, Motamava, Rajkot | 42 | 14 |
| 21 | 11 | 16-MOTAMAVA | 24-C | 1370 | Kankot Road kalawad road, Motamava, Rajkot | 56 | 17 |
| 22 | 11 | 10 - MOTAMAVA | 14A | 10165.76 | Near By Rajkot Taluka Police Station, Kalawad Road, Rajkot | 520 | 24 |
| 23 | 11 | 10 - MOTAMAVA | 56A | 2,573.58 | B/h. Laxmi Na Dhora, Kalawad Road, Rajkot | 112 | 30 |
| | | | | | **કુલ આવાસો** | **7815** | **285** |
| | | | | | | | |
| 1 | 12 | 15 Vavdi | 52/C | 18641 | Opp. Jay Bharat School, Vavi Main road, Rajkot | 936 | 38 |
| 2 | 12 | 15 Vavdi | 40/B | 3451.5 | Vavdi Village | 108 | 11 |
| | | | | | **કુલ આવાસો** | **1044** | **49** |
| | | | | | | | |
| 1 | 18 | 10 Rajkot | 96-1 | 11299 | Opp. Kavi Kalapi Township, Rajkot | 540 | - |
| | | | | | **કુલ આવાસો** | **540** | **0** |

| | |
|---|---|
| તમામ વોર્ડ સહીત આવાસોની સંખ્યા | ૧૪૭૧૧ |
| તમામ વોર્ડ સહીત દુકાનોની સંખ્યા | ૬૦૯ |

| વોર્ડ-વાઇઝ ખાલી આવાસોની યાદી તથા એમની ફાળવણીનું આયોજન | | | | |
|---|---|---|---|---|
| વોર્ડ નં. | કુલ ખાલી આવાસો | ટાઉનશીપનું નામ અને સરનામું | ટાઉનશીપ વાઇઝ ખાલી આવાસો | આવાસોની ફાળવણીનું આયોજન |
| **1** | **8** | શ્રી જીજાબાઇ ટાઉનશીપ, એફ.પી. ૬૩/૧૦, રૈયાધાર એસ.ટી.પી.ની સામે, પરશુરામ મંદિર પાસે, રાજકોટ. (GHTC-i) | 2 | પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ છે, જેને ઓપરેટ કરી આવાસની ફાળવણી કરવામાં આવશે. |
| | | શહીદ સુખદેવ ટાઉનશીપ, એફ.પી. એસ-૨, દ્વારકાધીશ હાઈટ્સની બાજુમાં, ૧૫૦ ફૂટ રોડ, રાજકોટ (PMAY-MIG) | 6 | 05 આવાસના નવાં બહાર પાડવામાં આવેલ ફોર્મની ચકાસણી અંતિમ તબક્કામાં છે. ત્યારબાદ NIC / EDP શાખા મારફત ડ્રો કરવામાં આવશે.<br>01 આવાસની પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ છે, જેને ઓપરેટ કરી આવાસની ફાળવણી કરવામાં આવશે. |
| | | લોકસેવક શ્રી જનકભાઇ કોટક ટાઉનશીપ ૧૨-બી, પોપટપરા સ્મશાનની સામે, રાજકોટ (EWS - 2) | 5 | પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ છે, જેને ઓપરેટ કરી આવાસની ફાળવણી કરવામાં આવશે. |
| | | શ્રી ગોધુમલજી આહુજા ટાઉનશીપ, એફ.પી. ૧૨-એ, પોપટપરા સ્મશાનની સામે, રાજકોટ (EWS - 2) | 3 | |
| | | વીર સાવરકર ટાઉનશીપ, એફ.પી - ૩૦/બી, ઓસ્કાર સીટી પાસે, પોપટપરા, રાજકોટ (MMGY-LIG) | 1 | આવાસોની પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ ન હોવાથી નવા ફોર્મ બહાર પાડવામાં આવશે.<br>વળી, આ MMGY આવાસ યોજના જુની હોવાથી આવાસોનું રીનોવેશન પણ કરાવવાનું થાય છે. |
| | | છત્રપતિ શિવાજી ટાઉનશીપ, એફ.પી - ૧૫/એ, માધાપર ચોકડીથી મોરબી રોડ તરફ, પોપટપરા મેઇન રોડ, રાજકોટ (MMGY-LIG) | 10 | |
| | | મહર્ષિ દયાનંદ સરસ્વતી ટાઉનશીપ, એફ.પી - ૫/સી, માધાપર ચોકડીથી મોરબી રોડ તરફ, પોપટપરા મેઇન રોડ, રાજકોટ (MMGY-LIG) | 19 | |
| | | ક્રાંતિવીર ખુદીરામ બોઝ ટાઉનશીપ, એફ.પી - ૧૧/એ, પાણીના ટાંકા પાછળ, પોપટપરા, રાજકોટ (MMGY-LIG) | 12 | |
| | | ક્રાંતિવીર ચંદ્રશેખર આઝાદ ટાઉનશીપ, એફ.પી - ૨૪/બી, નારાયણ નગર રોડ, પોપટપરા, રાજકોટ (MMGY-LIG) | 8 | |
| | | લોકમાન્ય તિલક ટાઉનશીપ, એફ.પી - ૧૪/એ, કોપર સીટીની બાજુમાં, પોપટપરા, રાજકોટ (MMGY-LIG) | 8 | |

| | | | | |
|---|---|---|---|---|
| 3 | 856 | શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશીપ, એફ.પી - ૨/ડી, સાધુ વાસવાણી કુંજ વાળો રોડ, પોપટપરા, રાજકોટ (MMGY-LIG) | 15 | |
| | | રેલનગર (EWS) (Former BSUP 2-3) | 697 | નવાં બહાર પાડવામાં આવેલ ફોર્મની ચકાસણી અંતિમ તબક્કામાં છે. ત્યારબાદ NIC / EDP શાખા મારફત ડ્રો કરવામાં આવશે. |
| | | સફાઇ કામદાર આવાસ યોજના (જામનગર રોડ) | 18 | સફાઇ કામદાર માટેનાં આવાસો માટે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પાત્રતા ધરાવતા અને આવાસ લેવા ઇચ્છુક લાભાર્થીઓની યાદી મોકલાવવામાં આવશે. એમનો EDP શાખા મારફત ડ્રો કરાવી આવાસની ફાળવણી કરવામાં આવશે. |
| | | ડો. હેડગેવાર ટાઉનશીપ, એફ.પી - ૩/બી, પોપટપરા, રાજકોટ (EWS-MMGY) | 3 | આવાસોની પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ ન હોવાથી નવા ફોર્મ બહાર પાડવામાં આવશે. |
| | | છત્રપતિ શિવાજી ટાઉનશીપ, એફ.પી - ૧૫/એ, માધાપર ચોકડીથી મોરબી રોડ તરફ પોપટપરા મેઇન રોડ, રાજકોટ (EWS-MMGY) | 5 | |
| | | મહર્ષિ અરવિંદ ટાઉનશીપ, એફ.પી - ૩૮/એ, પોપટપરા મેઇન રોડ, રાજકોટ (EWS-MMGY) | 7 | |
| | | ઝાંસીની રાણી ટાઉનશીપ, એફ.પી - ૪૨/એ, પોપટપરા, રાજકોટ (EWS-MMGY) | 3 | |
| | | સુભાષચંદ્ર બોઝ ટાઉનશીપ, એફ.પી - ૩૦/એ, શીતલ પાર્ક, પેટ્રોલ પંપ સામે પોપટપરા, રાજકોટ (EWS-MMGY) | 4 | |
| | | લાલ બહાદુર શાસ્ત્રી ટાઉનશીપ, એફ.પી - ૨૬/બી, મારુતિ સુઝુકિ સર્વિસ સ્ટેશન પાછળ, પોપટપરા, રાજકોટ (EWS-MMGY) | 19 | |
| | | મહારાણા પ્રતાપ ટાઉનશીપ, એફ.પી - ૨૨/એ, પોપટપરા, રાજકોટ (EWS-MMGY) | 1 | |
| | | ભગીની નિવેદિતા ટાઉનશીપ, એફ.પી - ૧૭/A , પોપટપરા, રોણકી, રાજકોટ (EWS-MMGY) | 18 | |
| | | વિનોબાભાવે ટાઉનશીપ, સ્માર્ટ ઘર ૫, એફ.પી. ૩૧/૩, ૩૧/૪, ૩૧/એ પૈકી, ભગવતીપરા મેઇન રોડ, જયપ્રકાશ નગરની બાજુમાં, રાજકોટ (SMART GHAR 5-6 PART) | 8 | પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ છે, જેને ઓપરેટ કરી આવાસની ફાળવણી કરવામાં આવશે. |

| | | | | |
|---|---|---|---|---|
| **4** | **1419** | શહીદ રાજગુરૂ ટાઉનશીપ, સ્માર્ટ ઘર - ૬, એફ.પી. ૩૧/3, ૩૧/૪, ૩૧/એ પૈકી, ભગવતીપરા મેઇન રોડ, જયપ્રકાશ નગરની બાજુમાં, રાજકોટ (સ્માર્ટ ઘર - ૬) | 1404 | આવાસ યોજના ટેકનિકલ શાખા દ્વારા સ્લમ વિસ્તારનો સર્વે કરી પાત્રતા ધરાવતા લાભાર્થીઓની યાદી અત્રેની શાખામાં આપવામાં આવશે. એમનો EDP શાખા મારફત ડ્રો કરાવી આવાસની ફાળવણી કરવામાં આવશે. |
| | | ભકત કવિ નરસિંહ મહેતા ટાઉનશીપ, એફ.પી - ૮૪, કુવાડવા રોડ, ડી-માર્ટ પાછળ, રાજકોટ (EWS-MMGY) | 2 | આવાસોની પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ ન હોવાથી નવા ફોર્મ બહાર પાડવામાં આવશે. |
| | | શહીદ ઉધમસિંહ ટાઉનશીપ, એફ.પી - ૮૬, મધુવન પાર્ક નજીક, કુવાડવા રોડ, રાજકોટ (EWS-MMGY) | 4 | |
| | | લોકમાન્ય ટીળક ટાઉનશીપ, એફ.પી - ૯૮, કુવાડવા રોડથી આગળ, મોરબી બાયપાસ રોડ, રાજકોટ (EWS-MMGY) | 1 | |
| **5** | **120** | સફાઇ કામદાર આવાસ યોજના (પેડક રોડ) | 120 | સફાઇ કામદાર માટેનાં આવાસો માટે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પાત્રતા ધરાવતા અને આવાસ લેવા ઇચ્છુક લાભાર્થીઓની યાદી મોકલાવવામાં આવશે. એમનો EDP શાખા મારફત ડ્રો કરાવી આવાસની ફાળવણી કરવામાં આવશે. |
| **10** | **370** | લાલા લજપતરાય ટાઉનશીપ, એફ.પી. ૩૪૮, હેવલોક એપા.ની સામે, જયભીમનગર, જડડુસ રેસ્ટો. વાળો રોડ, રાજકોટ (PMAY-MIG) | 5 | આવાસના નવાં બહાર પાડવામાં આવેલ ફોર્મની ચકાસણી અંતિમ તબક્કામાં છે. ત્યારબાદ NIC / EDP શાખા મારફત ડ્રો કરવામાં આવશે. |
| | | ક્રાંતિવીર મંગલ પાંડે ટાઉનશીપ, એફ.પી. ૧૦૪, વસંત માર્વેલની બાજુમાં, વિમલનગર મેઈન રોડ, રાજકોટ (PMAY-MIG) | 5 | 04 આવાસના નવાં બહાર પાડવામાં આવેલ ફોર્મની ચકાસણી અંતિમ તબક્કામાં છે. ત્યારબાદ NIC / EDP શાખા મારફત ડ્રો કરવામાં આવશે.<br>01 આવાસની પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ છે, જેને ઓપરેટ કરી આવાસની ફાળવણી કરવામાં આવશે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | પ્રેમ મંદિર પાછળ, પુષ્કર ધામ મેઇન રોડ. (EWS) (Former BSUP 2-3) | 360 | નવાં બહાર પાડવામાં આવેલ ફોર્મની ચકાસણી અંતિમ તબક્કામાં છે. ત્યારબાદ NIC / EDP શાખા મારફત ડ્રો કરવામાં આવશે. |
| 11 | 100 | શિવ ટાઉનશીપ, એફ.પી. ૪૧-એ, સેલેનીયમ હાઈટ્સની સામે, મવડી પાળ ગામ રોડ, રાજકોટ (PMAY-LIG) | 14 | 06 આવાસના નવાં બહાર પાડવામાં આવેલ ફોર્મની ચકાસણી અંતિમ તબક્કામાં છે. ત્યારબાદ NIC / EDP શાખા મારફત ડ્રો કરવામાં આવશે.<br>08 આવાસોની પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ છે જેને ઓપરેટ કરી આવાસની ફાળવણી કરવામાં આવશે. |
| | | શ્રી રામ ટાઉનશીપ, સ્માર્ટ ઘર ૧, એફ.પી. ૪૯/એ, સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં, પેંન્ટાગોન એપાર્ટમેંન્ટ સામે, રાજકોટ (SMART GHAR) | 12 | પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ ન હોવાથી નવા ફોર્મ બહાર પાડવામાં આવશે. |
| | | શ્રી સીતા ટાઉનશીપ, સ્માર્ટ ઘર ૨, એફ.પી. ૪૯/સી, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાછળ, રાજકોટ (SMART GHAR) | 16 | |
| | | શ્રી લક્ષ્મણ ટાઉનશીપ, સ્માર્ટ ઘર ૩, એફ.પી. ૧૨/એ, આર્યલેન્ડ રેસી. પાછળ, જીવરાજ પાર્ક, રાજકોટ (SMART GHAR) | 38 | |
| | | પંડિત દિનદયાલ ઉપાધ્યાય ટાઉનશીપ, એફ.પી. ૨-બી, અંબિકા ટાઉનશીપ પાસે, શ્યામલ સ્કાય લાઈફની સામે, રાજકોટ (PMAY EWS-2) | 1 | પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ છે, જેને ઓપરેટ કરી આવાસની ફાળવણી કરવામાં આવશે. |
| | | સરદાર વલ્લભભાઇ પટેલ ટાઉનશીપ, એફ.પી. ૬-એ, અંબિકા ટાઉનશીપ પાસે, શ્યામલ સ્કાય લાઈફની સામે, રાજકોટ (PMAY EWS-2) | 2 | |
| | | પુજય મહાત્મા ગાંધી ટાઉનશીપ, એફ.પી. ૩૭-બી, કોસ્મોસ કોમ્પ.ની બાજુમાં, સ્પીડવેલ પાર્ટી પ્લોટથી કણકોટ રોડ, રાજકોટ (PMAY EWS-1) | 3 | પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ છે જેને ઓપરેટ કરી આવાસની ફાળવણી કરવામાં આવશે. |
| | | વીર હનુમાન ટાઉનશીપ, એફ.પી. ૩૯-એ, કોસ્મોસ કોમ્પ.ની બાજુમાં, સ્પીડવેલ પાર્ટી પ્લોટથી કણકોટ રોડ, રાજકોટ (PMAY EWS-1) | 1 | |
| | | લાલુભાઇ પારેખ ટાઉનશીપ, એફ.પી. ૫૧-બી મવડી, સેલેનીયમ હાઈટ્સની સામે, મવડી પાળ ગામ રોડ. (PMAY EWS-2) | 4 | આવાસોની પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ ન હોવાથી નવા ફોર્મ બહાર પાડવામાં આવશે. |
| | | સુદામા ટાઉનશીપ, એફ.પી. ૩૩-એ, ક્રિસ્ટલ હેવનની પાછળ, મવડી કણકોટ રોડ. (PMAY EWS-2) | 2 | |

| | | | | |
|---|---|---|---|---|
| | | શ્રી કૃષ્ણ ટાઉનશીપ, એફ.પી. ૩૮-એ, ક્રિસ્ટલ હેવનની પાછળ, મવડી કણકોટ રોડ. (PMAY EWS-2) | 3 | |
| | | મીરાબાઇ ટાઉનશીપ, એફ.પી. ૪૮-એ, સેલેનીયમ હાઈટ્સની સામે, મવડી પાળ ગામ રોડ, રાજકોટ (PMAY MIG) | 4 | આવાસના નવાં બહાર પાડવામાં આવેલ ફોર્મની ચકાસણી અંતિમ તબક્કામાં છે. ત્યારબાદ NIC / EDP શાખા મારફત ડ્રો કરવામાં આવશે. |
| **12** | **28** | મનસુખ છાપીયા ટાઉનશીપ, એફ.પી. ૧૫-એ ૨૮-એ, તપન હાઈટ્સ રોડ, પુનીત નગર પાણીના ટાંકા પાસે. (PMAY EWS-1) | 20 | આવાસોની પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ છે, જેને ઓપરેટ કરી આવાસની ફાળવણી કરવામાં આવશે. |
| | | લક્ષ્મણરાવ ઇનામદાર (વકીલ સાહેબ) ટાઉનશીપ, એફ.પી. ૫૧-બી વાવડી, તપન હાઈટ્સ રોડ, પુનીત નગર પાણીના ટાંકા ની સામે. (PMAY EWS-2) | 8 | 05 આવાસોની પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ ન હોવાથી નવા ફોર્મ બહાર પાડવામાં આવશે. જ્યારે 03 આવાસોની પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ છે, જેને ઓપરેટ કરી આવાસની ફાળવણી કરવામાં આવશે. |
| **13** | **4** | વીર નર્મદ ટાઉનશીપ, એફ.પી - ૧૨૨૧ , સમ્રાટ ઇન્ડ એરિયા. ગોંડલ રોડ, રાજકોટ (EWS-MMGY) | 4 | આવાસોની પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ ન હોવાથી નવા ફોર્મ બહાર પાડવામાં આવશે. |
| **18** | **1** | કવિ કલાપી ટાઉનશીપ, એફ.પી - ૯૬/૨, ન્યુ રાધાકૃષ્ણ સોસા. નજીક, બાબરિયા કોલોની, અટીકા, રાજકોટ (EWS-MMGY) | 1 | આવાસોની પ્રતીક્ષાયાદી ઉપલબ્ધ ન હોવાથી નવા ફોર્મ બહાર પાડવામાં આવશે. |
| | **2906** | **TOTAL** | **2906** | |

# માહે સપ્ટેમ્બર ૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

| | |
|---|---|
| **General Board Date:** | 19-09-2026 |
| **Question No:** | 1(3) |
| **Corporator Name:** | SANJAYBHAI ARUNBHAI CHAVDA - Corporator : Ward 05 |
| **Question Subject:** | આરોગ્ય શાખાની તમામ સ્ટાફની કુલ કામગીરી ફિલ્ડ તથા ઓફીસ સ્ટાફની વિગતવાર જણાવો. સરકારમાંથી છેલ્લા ૨ વર્ષમાં કયા કયા યોજના હેઠળ સરકારશ્રી દ્વારા કેટલી ગ્રાન્ટ આપવામાં આવી? તે પૈકી કયા કયા યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી? કેટલી ગ્રાન્ટ પરત જતી રહી? કોની બેદરકારીથી? બેદરકારી બદલ શું કાર્યવાહી કરવામાં આવી? ગ્રાન્ટ વાપરવાની નાણાકીય સત્તા કોની પાસે. નાયબ આરોગ્ય અધિકારીની જવાબદારી શું? છેલ્લા ૨ વર્ષની તમામ નાયબ આરોગ્ય અધિકારીની ફિલ્ડ કામગીરીની તમામ વિગતો આપવી. આરોગ્ય શાખાના કેટલા સ્ટાફની કઈ કઈ કામગીરી માટે વાહન મળે છે? કેટલા સમયથી? શહેરમાં કુલ કેટલા આયુષ્યમાન આરોગ્ય મંદિર હાલમાં ક્યા ક્યા વોર્ડમાં ચાલુ છે તથા તે કેન્દ્રોમાં કેટલો સ્ટાફ કામગીરી કરે છે અને તેમને પગાર કઈ ગ્રાન્ટ હેઠળ ચુકવવામાં આવે છે. આ કેન્દ્રોમાં કઈ કઈ સુવિધાઓ આપવામાં આવે છે તેમની સંપૂર્ણ વિગતો વોર્ડ વાઈઝ અને કેન્દ્રો વાઈઝ આપવી. |
| **Department:** | HEALTH BRANCH |
| **Ward:** | OTHER |
| **Employee:** | E5005-DR JAYESHKUMAR LABHUBHAI VAKANI |
| **Question Detail:** | રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો. |
| **Question Date:** | 11-09-2026 |

**Answer Details:** - આરોગ્ય શાખાના તમામ સ્ટાફની કુલ કામગીરી વિગતવાર માહિતી પત્રક-૧ થી સામેલ રાખેલ છે.

- સરકારશ્રીમાંથી છેલ્લા ૨ વર્ષમાં વિવિધ યોજના હેઠળ આ સાથે સામેલ પત્રક-૨ મુજબ ગ્રાન્ટ આપવામાં આવેલ. તે ગ્રાન્ટનો ઉપયોગ સરકારશ્રીનાં નિર્ધારિત ધોરણ અને ગાઈડલાઈન મુજબ જ ચુસ્તપણે કરવાનો હોય છે. ગ્રાન્ટ વપરાશની માહિતી પણ પત્રક-૨ માં સામેલ રાખેલ છે.
ગુજરાત સરકારમાંથી આવતી ગ્રાન્ટનો વપરાશ ગ્રાન્ટનાં હેતુ ઉપરાંત સાથે સામેલ ગાઈડલાઈન મુજબ જ કરવાનો હોય છે અને વણવપરાયેલી ગ્રાન્ટ જે તે નાણાકીય વર્ષમાંથી આગળનાં વર્ષમાં તબદીલ કરવામાં આવે છે. ગ્રાન્ટ વાપરવાની નાણાકીય સત્તા નાણાકીય સત્તાધિકાર મુજબ આરોગ્ય અધિકારીને ૫૦,૦૦૦/- સુધી અને ત્યારબાદ નાયબ કમિશનરશ્રી અને કમિશનરશ્રીનાં નાણાકીય સત્તાધિકાર મુજબ છે.

- નાયબ આરોગ્ય અધિકારીની જવાબદારી  અને છેલ્લા ૨ વર્ષની ફિલ્ડ કામગીરીની વિગત પત્રક-૩ થી સામેલ રાખેલ છે.

- આરોગ્ય શાખાના સ્ટાફને ઓફીસ કામગીરી માટે ફાળવવામાં આવેલ વાહનની વિગત પત્રક-૪ થી સામેલ રાખેલ છે.
આરોગ્ય કેન્દ્રમાં આપવામાં આવેલ વાહનનો ઉપયોગ મેડીકલ ઓફિસર દ્વારા સુપરવિઝન, મોનીટરીંગ, દવાઓ લાવવા, મમતા દિવસની કામગીરી, વહીવટી કામગીરી, વેક્સીન લાવવા અને લઈ જવા ઉપરાંત ફિલ્ડમાં મેડીકલ કેમ્પ ઉપરાંત મેડીકલ ટીમની વ્યવસ્થા ઉપરાંત આરોગ્ય કેન્દ્રની કોઈપણ કામગીરી માટે વાપરવામાં આવે છે.
ફૂડ વિભાગ દ્વારા સીનીયર ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા વિવિધ રેસ્ટોરન્ટ, હોટેલ ઉપરાંત હોકર્સઝોન ઉપરાંત ગ્રોસરી સ્ટોર, બેકરી ઉપરાંત કોઈ પણ પ્રકારના ફૂડ બીઝનેસ અને ફૂડ પ્રોડક્શન યુનિટની તપાસ, સર્વેલન્સ ઉપરાંત સેમ્પલીંગની કાર્યવાહીમાં વાહનનો ઉલ્લેખ કરવાનો હોય છે. આ ઉપરાંત ફૂડ વિભાગ દ્વારા લાયસન્સ આપતા પહેલા સ્થળ મુલાકાત પણ કરવાની થતી હોય છે. જેથી ઉક્ત કામગીરી માટે ૨ (બે) વાહનો વપરાશમાં લેવામાં આવે છે.

- શહેરમાં હાલમાં કુલ આયુષ્માન આરોગ્ય મંદિરમાં આપવામાં આવતી સુવિધાઓ તેમજ તેમાં કામગીરી કરતા સ્ટાફની માહિતી અને તેને ચુકવવામાં આવતા પગારનાં ગ્રાન્ટની માહિતી આ સાથે સામેલ રાખેલ પત્રક-૫ માં છે.

DR JAYESHKUMAR LABHUBHAI VAKANI
HEALTH BRANCH - MEDICAL OFFICER OF HEALTH 14-09-2026 06:33 PM

# પ્રશ્ન નં.૦૧ (3)

## પત્રક-૧

### તબીબી અધિકારીની ફરજો

શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબી અધિકારીશ્રી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સારી રીતે સંચાલન માટે, તાબા હેઠળના તમામ કર્મચારીઓની કામગીરીના સુપરવિઝન અને તમામ કાર્યક્રમોના અમલીકરણ માટે સંપૂર્ણપણે જવાબદાર છે.

તબીબી અધિકારીશ્રીના કામોની ટુંકી વિગત નીચે પ્રમાણે છે.

**૧) કલીનિકલ સેવાઓ :**

- ઓ.પી.ડીમાં સારવાર કરવી.
- ઈન્ડોર દર્દીઓની સારવાર કરવી
- ઈમરજન્સી કેસોની સારવાર કરવી.
- રીફર થઈને આવેલ દર્દીઓની સારવાર કરવી.
- સંદર્ભ સેવાઓ આપવી .
- ઉમર તથા માંદગીનં પ્રમાણપત્ર આપવું.
- મેડીકો લીગલ સેવાઓ આપવી.
- લેબોરેટરી સેવાઓ માટે આયોજન કરવું.
- પેટા કેન્દ્રની મુલાકાત દરમ્યાન આઉટરીચ ઓ.પી.ડી સેવાઓ આપવી.
- દરેક ગામમાં મહીનામાં એક વખત મમતા દિવસનું આયોજન કરવું, નિદાન અને સારવારની સેવા આપવી.
- શાળાઓની મુલાકાત, તબીબી તપાસ, સારવાર અને રેફરલ સેવાઓ આપવી.
- આયોજન મુજબ તબીબી તપાસના કેમ્પો કરવા.
- કુટુંબ કલ્યાણના કેમ્પોનું આયોજન કરવું.

૨) ક્ષેત્રીય કામગીરીનું આયોજન અને અમલીકરણ

- ક્ષેત્રીય કર્મચારીઓના કામગીરીનું સુપરવિઝન કરવું.
- કાર્યક્રમો માટે કાર્યભાર નકકી કરવા અને વહેંચણી કરવી.
- બ્લોક હેલ્થ ઓફીસર, તાલુકા વિકાસ અધિકારી અને સામાજિક આગેવાનો અને ખાનગી સંસ્થાઓ અને તબીબો સાથે કાર્યક્રમોના અમલીકરણ માટે સંકલન કરવું.
- આયુષ તબીબ સાથે સંકલન રાખવું.
- ગ્રામ્ય આરોગ્ય સમિતિના વાર્ષિક આયોજનમાં માર્ગદર્શન આપવું.
- સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સાથે મળી લોકો માટે ચોખ્ખા પીવાલાયક પાણીની વ્યવસ્થા કરાવવી.
- સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સાથે મળી લોકો દ્વારા શૌચાલયના ઉપયોગને પ્રોત્સાહન આપવું.
- જરૂરિયાત મુજબ વિવિધ કેમ્પો (મેળા, સ્વસ્થ્ય, બાળ સ્પર્ધા) આયોજન કરવું.
- તમામ રાષ્ટ્રીય કાર્યોનું અમલીકરણ કરવું.
- રાજય કક્ષાના તમામ કાર્યક્રમોનું અમલીકરણ કરવું.
- જિલ્લા અને બ્લોક કક્ષાએથી નકકી થયેલ કાર્યક્રમોનું અમલીકરણ કરવું.
- પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમનું અમલીકરણ કરવું.
- સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમનું અમલીકરણ કરવું.

- એ.એફ.પી. સર્વેલન્સ કાર્યક્રમ અને પલ્સ પોલીયો રસીકરણ કાર્યક્રમનું અમલીકરણ કરવું.
- રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમનું અમલીકરણ કરવું.
- સંચાર રોગ સર્વેલન્સ કાર્યકમનું અમલીકરણ કરવું.
- રકતપિત્ત ઉન્મૂલન કાર્યક્રમનું અમલીકરણ કરવું.
- સુધારેલ ક્ષય નિયંત્રણ કાર્યક્રમનું અમલીકરણ કરવું.
- જાતીય રોગોનું નિદાન અને સારવાર.
- શાળા આરોગ્ય કાર્યક્રમનું અમલીકરણ કરવું.

૩) તાલીમ અને આરોગ્ય શિક્ષણ

- પોતાના તાબા હેઠળના તમામ કર્મચારીઓ (સુપરવાઇઝર, સ્ત્રી આરોગ્ય કર્મચારીઓ, પુરૂષ આરોગ્ય કર્મચારીઓ, આશા વર્કર, સટાફ નર્સ, લેબોરેટરી ટેકનીશિયન અને અન્ય) ના તાલીમની યોગ્ય વ્યવસ્થા કરવી.
- કર્મચારીઓને વિવિધ વિષયોની તાલીમ માટે વાર્ષિક આયોજન અને અમલીકરણ કરવું.
- કર્મચારીઓને તાત્કાલિક સારવારની તાલીમ આપવી.
- કર્મચારીઓના વ્યક્તિત્વ વિકાસ માટ પ્રશિક્ષણનું આયોજન કરવું.
- લોકોને પ્રાથમિક સારવાર અનને ઘરેલુ ઉપચારની તાલીમ આપવી.
- દર્દીઓને યોગ્ય રીતે આરોગ્ય શિક્ષણ આપવું.
- લોકોને વિવિધ વિષયો પર આરોગ્ય શિક્ષણ આપવું.
- ગુરૂ શિબિર, કાર્યશાળા અને સેમિનારનું આયોજન કરવું.

૪) વહીવટી કામગીરી

- કર્મચારીઓની રોસ્ટર ડયૂટીનું આયોજન કરવું.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં અને પેટ કેન્દ્રના મકાન અને સાધનોની જાળવણી અને વિકાસની કામગીરી કરવી.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને લગતી તમામ નાણાકીય કામગીરી કરવી.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે સમયસર દવાઓનું ઇન્ડેન્ટ, ખરીદી અને હિસાબ રાખવા.
- ક્ષેત્રીય કર્મચારીઓને સમયસર દવાઓ અને અન્ય સાધન-સામગ્રી પહોંચાડવાની વ્યવસ્થા કરવી.
- પોતાની ટૂર ડાયરી દર માસે બ્લોક હેલ્થ ઓફિસર મારફતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને સમયસર આપવી.
- તાબા હેઠળના તમામ કર્મચારીઓની કામગીરીનું સુપરવિઝન કરવું.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સ્વચ્છતા જાળવવી અને બગીચાની માવજત કરાવવી.
- વાહનની યોગ્ય રીતે જાળવણી કરાવવી.
- નાગરિક અધિકાર પત્ર અન્વયે તમામ માહિતીનું નિદર્શન કરવું.
- કર્મચારીઓની નિયમિત એજેન્ડા મુજબ મીટીંગ યોજવી.
- દરેક પેટા કેન્દ્રનું પંદર દિવસમાં એક વખત સુપરવિઝન કરવું.
- ક્ષેત્રીય મુલાકાત દરમ્યાન આરોગ્ય સમસ્યાઓને શોધવાનું અને સમાધાનની કામગીરી કરવી.
- માહિતીનું એકત્રીકરણ, સંકલન કરવું અને સમયસર યોગ્ય જગ્યાએ આપવું.
- તમામ પ્રકારના રેકોર્ડની યોગ્ય રીતે જાળવણી કરવી.
- કર્મચારીઓની કામગીરીનું મૂલ્યાંકન કરવું અને માર્ગદર્શન આપવું.
- તમામ કાર્યકરોની સમીક્ષા કરવી.
- કર્મચારીઓની કામગીરીની ખરાઈ કરવી.

**રેકોર્ડસ :**

1. ઓ.પી.ડી. કેસ
2. આઈ.પી.ડી. કેસ
3. મેડીકો લીગલ કેસની ફાઈલ
4. મરણકેસના રેકોર્ડ
5. ઉમર પ્રમાણપત્ર
6. પી.એચ.સી.ને લગતા ઓરીજીનલ પ્રમાણપત્ર
7. રેફરન્સ નોંધ
8. કર્મચારીઓ માટે તાલીમ કેલેન્ડર
9. RNTCP ની ફાઈલ
10. મરણનુ પ્રમાણપત્ર
11. માંદગીનું પ્રમાણપત્ર
12. ડીસ્ચાર્જ નોંધ

# <u>આયુષ તબીબની ફરજો</u>

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આયુષ તબીબની કામગીરીની ટૂંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત એમની યોગ્યતા અને ક્ષમતાને ધ્યાને લઈ એચ.આર.મેનેજરની ફરજ પણ તેમને સોંપવામાં આવી છે.

૧) કલીનિકલ સેવાઓ:

- દર્દીઓને આયુષ સારવાર (ઓ.પી.ડી) માં આપવી.
- રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત રોગોની સારવાર માટે સહકાર આપવો.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઈમરજન્સી રોસ્ટર ડયુટી નિભાવવી.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની કામગીરીનું તબીબી અધિકારી સાથે સંકલન કરી (ઓ.પી.ડી., ઈન્ડોર, લેબોરેટરી અને અન્ય) મોનેટરીંગ અને સુપરવિઝન કરવું.
- રીફર થઈને આવેલ દર્દીઓની સારવાર કરવી.
- કિશોર યુવા સલાહ સારવાર કેન્દ્રમાં સ્ત્રી આયુષ તબીબે છોકરીઓનું અને પુરુષ આયુષ તબીબે છોકરાઓનું કાઉન્સેલીંગ કરવું.
- પેટા કેન્દ્રની મુલાકાત દરમ્યાન ઓ.પી.ડી સેવાઓ આપવી.
- દરેક ગામમાં મહીનામાં એક વખત મમતા દિવસનું આયોજન થાય તે જોવું.
- મમતા દિવસે અને વેલ બેબી કલીનીકમાં એન્ટીનેટલ તપાસ કરવી.
- પૌષ્ટિક આહાર અને સ્તનપાન વિશે સમજણ આપવી.
- શાળાઓની મુલાકાત, તબીબી તપાસ, સારવાર અને રેફરલ સેવાઓ આપવી.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મમતા દિવસના લાભાર્થીઓને નિદાન અને સારવારની સેવા આપવી.

૨) ક્ષેત્રીય કામગીરીનું આયોજન, અમલીકરણ, મોનીટરીંગ અને સુપરવિઝનઃ

- ક્ષેત્રિય કર્મચારીઓની કામગીરીનું મોનીટરીંગ અને સુપરવિઝન કરવું.
- તમામ કાર્યક્રમોનું મોનીટરીંગ અને સુપરવિઝન કરવું.
- કિશોર યુવા સલાહ સારવાર કેન્દ્રને યુવાઓ લાભ લે તે સમજાવવા માટે ક્ષેત્રીય કાર્યકરને પ્રોત્સાહિત કરવા.
- કર્મચારીઓના તમામ રજીસ્ટરોની ચકાસણી અને કામગીરીનું વેરિફિકેશન કરવું.
- તમામ રાષ્ટ્રીય કાર્યક્રમોનું અમલીકરણ કરવું.
- જીલ્લા અને બ્લોક કક્ષાએથી નક્કી થયેલ કાર્યક્રમોનું અમલીકરણ કરવું.
- પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમનું અમલીકરણ કરવું.
- સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમનું અમલીકરણ કરવું.
- એ.એફ.પી. સર્વેલન્સ કાર્યક્રમ અને પલ્સ પોલીયો રસીકરણ કાર્યક્રમના અમલીકરણમાં સહકાર આપવો.
- રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમમાં સહકાર આપવો.
- સંચારી રોગ સર્વેલન્સ કાર્યક્રમમાં સહકાર આપવો.
- રકતપિત્ત ઉન્મૂલન કાર્યક્રમમાં સહકાર આપવો.
- સુધારેલ ક્ષય નિયંત્રણ કાર્યક્રમનું અમલીકરણ કરવું.
- જાતીય રોગોનું નિદાન અને સારવારમાં તબીબી અધિકારી સાથે સંકલન કરવું.
- શાળા આરોગ્ય કાર્યક્રમમાં તબીબી અધિકારી સાથે સંકલન કરવું.

૩) તાલીમ અને આરોગ્ય શિક્ષણ:

- તમામ કર્મચારીઓ (સુપરવાઈઝર, સ્ત્રી આરોગ્ય કર્મચારીઓ, પુરૂષ આરોગ્ય કર્મચારીઓ, આશા વર્કર, સ્ટાફ નર્સ, લેબોરેટરી ટેકનીશિયન અને અન્ય) ના તાલીમના આયોજનમાં તબીબી અધિકારીને મદદ કરવી.
- કર્મચારીઓને વિવિધ વિષયોની તાલીમ આપવા માટે વાર્ષિક આયોજન અને અમલીકરણમાં તબીબી અધિકારીને મદદ કરવી.
- કર્મચારીઓના વ્યક્તિત્વ વિકાસ માટે પ્રશિક્ષણના આયોજનમાં તબીબી અધિકારીને મદદ કરવી.
- લોકોને પ્રાથમિક સારવાર અને ઘરેલુ ઉપચારની તાલીમ આપવી.
- દર્દીઓને યોગ્ય રીતે આરોગ્ય શિક્ષણ આપવું.
- લોકોને વિવિધ વિષયો પર આરોગ્ય શિક્ષણ આપવું.
- ગુરૂ શિબિર, કાર્યશાળા અને સેમિનારના આયોજનમાં તબીબી અધિકારીને મદદ કરવી.

૪) વહીવટી કામગીરી:

- તબીબી અધિકારી સાથે મળીને મીટીંગનું આયોજન કરવું અને એજન્ડા તૈયાર કરવા.
- કર્મચારીઓની રોસ્ટર ડયુટીનું આયોજન કરવું.
- પોતાની ટૂર ડાયરી દર માસે તબીબી અધિકારી અને બ્લોક હેલ્થ ઓફિસર મારફતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીને સમયસર આપવી.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સ્વચ્છતા જાળવવી અને બગીચાની માવજત કરાવવી.
- કર્મચારીઓની નિયમિત એજેન્ડા મુજબ મીટીંગ યોજવી.
- માહિતીનું એકત્રીકરણ સંકલન સમયસર અને યોગ્ય જગ્યાએ આપવું.
- તમામ પ્રકારના રેકોર્ડની યોગ્ય રીતે જાળવણી કરવી.
- તમામ કાર્યક્રમોની સમીક્ષા કરવી.

રેકોર્ડસ :

1. આયુષ ઓ.પી.ડી. કેસ
2. આયુષ ઓ.પી.ડી. રજીસ્ટર
3. કિશોર યુવા સલાહ સારવાર રજીસ્ટ્રેશન રજીસ્ટર
4. આમંત્રણ પત્રિકા/માહિતી પત્ર
5. કિશોર યુવા સલાહ સારવાર કેસપેપર
6. કિશોર યુવા સલાહ સારવાર ઓળખપત્ર
7. કિશોર યુવા સલાહ સારવાર રીપોર્ટીંગ ફાઈલ
8. કિશોર યુવા સલાહ સારવાર પ્રતિભાવ પત્ર
9. કિશોર યુવા સલાહ સારવાર પ્રતિભાવ પત્રનો સર્વે
10. આયુષ દવાઓનુ સ્ટોક રજીસ્ટર

## ફાર્માસિસ્ટની ફરજો

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફાર્માસિસ્ટની કામગીરીની ટુંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત એમની યોગ્યતાઅને ક્ષમતાને ધ્યાને લઈ તબીબી અધિકારીશ્રીએ અન્ય કામો પણ સોંપી શકશે.

- દર્દીનો કેસ કાઢવો, રજીસ્ટ્રેશન નંબર આપવો, દદીને દવાઓ આપવી.
- દવા પર સ્ટીકર ચોંટાડી તેની ઉપર વિગત લખવી.
- દર્દીને દવા આપતી વખતે દવા ક્યારે અને કેવી રીત લેવી તેની સમજણ આપવી.
- જરૂરી દવાઓનું ઇન્ડેન્ટ બનાવવું. તબીબી અધિકારીશ્રીની અનુમતિ મેળવી બ્લોક હેલ્થ ઓફિસ મારફતે જીલ્લામાંથી દવાઓ મેળવવી.
- નીતિનિયમો મુજબ દવાઓનું ન્યુનતમ બેલેન્સ જળવાય તેની તકેદારી રાખવી.
- નીતિનિયમો મુજબ દવાઓ કોઈક વાર રીઓર્ડર લેવલ પર ઉપલી કચેરીથી દવાઓ મેળવવી.
- જો દવાઓ જીલ્લા અને બ્લોક કક્ષાએ ના હોય તો તબીબી અધિકારીશ્રીની અનુમતિ મેળવી ખરીદી કરવી.
- દર માસે દવાઓનું વપરાશપત્રક તૈયાર કરી તબીબી અધિકારી પાસે ચકાસણી કરાવી તે અંગેનું પ્રમાણપત્ર મેળવવુ. (સ્ટોક રજીસ્ટરના પાછળના ભાગે દર માસે સ્ટોક વેરીફીકેશન બાબતનુ પ્રમાણપત્ર તબીબી અધિકારી લખી આપે છે.)
- સિટિજન ચાર્ટર હેઠળ મુકેલ ચાર્ટમાં દવાઓની ઉપલબ્ધતા અંગેની માહિતી અદ્યતન કરવી.
- તબીબી અધિકારીની પરવાનગીથી ખરાબ થઈ ગયેલ દવાઓનો યોગ્ય પદ્ધતિથી નિકાલ કરવો.
- બધા જ રેકોર્ડ અને રજીસ્ટરની અદ્યતન રાખવા.
- સ્ટોરને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવો.
- ક્ષેત્રીય કર્મચારીઓને એમને ફાળવેલ દવાઓ આપવી.
- સરકારશ્રી દ્વારા નકકી થયેલ ચાર્જ દર્દી પાસેથી વસૂલ કરવા (માત્ર એ.આર.વી વેકિસનનો ચાર્જ લેવામાં આવે છે.)
- વસૂલાતની રકમ સમયસર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ચલણ દ્વારા જમા કરાવવી.
- તમામ મેડીકલ રેકોર્ડ સ્ટાફ નર્સની સાથે મળીને નિતિનિયમો મુજબ વ્યવસ્થિત અને હાથવગા રાખવા.
- ઓ.પી.ડી. અને ઈન્ડોર વિષયક નકકી થયેલ ડેટા એનાલીસીસ રિપોર્ટ સ્ટાફ નર્સ સાથે મળીને તૈયાર કરવા.
- તમામ રીપોર્ટને નિયત નમુનામાં તૈયાર કરી સમયસર ઉપલી કચેરીએ પહોચાડવા.
- દર માસે જરૂરિયાત મુજબ વેક્સીન જિલ્લા કક્ષાએથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લાવવી.
- સ્ટોરની દવાઓ તથા વેકસીન ફર્સ્ટ એકસપાયરી ફર્સ્ટ આઉટ પ્રમાણે કરવી.

**રેકોર્ડ્સ :**

1. ઓ.પી.ડી. કેસપેપર, રજીસ્ટર
2. જનરલ સ્ટોક રજીસ્ટર
3. ટી.બી. સ્ટોક રજીસ્ટર, મેલેરીયા સ્ટોક રજીસ્ટર
4. કુટુંબ કલ્યાણ સ્ટોક રજીસ્ટર
5. ક્ષેત્રીય ડ્રગ ઈસ્યુ રજીસ્ટર
6. જૂના નવા સ્ત્રી-પરુષ વિશેની વિગત દર્શાવતું રજીસ્ટર
7. આઈ.એલ.આર./ડીપફ્રીજનું તાપમાન દર્શાવતું રજીસ્ટર
8. એ. આર.વી. વેકિસન ચાર્જની પહોચ
9. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં ચલણ ફોર્મ

## લેબટેકનીશિયનની ફરજો

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લેબટેકનીશિયનની કામગીરીની ટુંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત એમની યોગ્યતા અને ક્ષમતાને ધ્યાને લઈ તબીબી અધિકારીશ્રીએ તેમને સેફટી ઓફિસરની જવાબદારી સોપેલ છે. તબીબી અધિકારીના સીધા નિયંત્રણ હેઠળ નીચે દર્શાવ્યા મુજબની ફરજો લેબટેકનીશિયન બજાવશે.

- આઈ.પી.એચ.એસમાં જણાવ્યા મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની લેબોરેટરીમાં તપાસ કરવી.
- લેબોરેટરીની સફાઈ રાખવી.
- તમામ સાધનોની યોગ્ય જાળવણી કરવી.
- બાયોમેડીકલ વેસ્ટ યોગ્ય પદ્ધતિથી નિકાલ કરવો.
- લેબોરેટરી માટે જરૂરી કેમિકલ્સ અને ગ્લાસવેર જિલ્લા અથવા બ્લોક કક્ષાએથી મેળવવા અથવા સ્થાનિક કક્ષાએથી ખરીદી કરવી.
- સાધનોની સફાઈ અને પ્રાથમિક રીપેરની કામગીરી કરવી.
- સાધનોની એ.એમ.સી. ના સમય પ્રમાણે મરામત કરાવવી. (માઈક્રોસ્કોપની જાળવણી જીલ્લા ટી.બી. આરોગ્ય કેન્દ્ર દ્વારા થાય છે તો તેના રેકોર્ડ સાચવવા) જો એ.એમ.સી. ના હોય તો સ્થાનિક કક્ષાએ મરામત કરાવવી.
- તમામ રેકોર્ડ અદ્યતન કરવા.
- જરૂરી સાધનો તબીબી અધિકારીશ્રીની પરવાનગીથી ખરીદવા.
- રીપોર્ટ કેસમાં નોંધી સહી કરવી. રીપોર્ટ સ્લીપ દર્દીને આપવી.
- તમામ માહિતી નિયત નમૂનામાં સમયસર પહોચાડવાની વ્યવસ્થા કરવી.
- થયેલ કામગીરીનું ચાર્ટ, ગ્રાફ દ્વારા યોગ્ય રીતે પ્રદર્શન કરવું.
- ક્ષેત્રીય કર્મચારીઓને જરૂરી નમૂના લેવાની તાલીમ આપવી તેમજ તેની ગુણવત્તા બાબતે સમયાંતરે ઉપલી કક્ષાને ફીડબેક આપવો.
- લેબોરેટરીમાં લીધેલા અથવા ક્ષેત્રીય કામગીરીથી આવેલા સેમ્પલોનું પરિક્ષણ નિયત સમયમાં જ થાય તે જોવું.
- લેબોરેટરીમાં થતી તમામ કામગીરીનું જરૂરિયાત મુજબ અઠવાડિક, પખવાડિક, માસિક રીપોર્ટીંગ બ્લોક તેમજ જિલ્લા કક્ષાએ કરવું.
- અઠવાડિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મીટીંગમાં નબળી કામગીરી કરતા કર્મચારી તેમજ વધુ કેસ નોંધાતા હોય તેવા ગામોની જાણ તબીબી અધિકારીને ધ્યાને મુકવી.
- ડેન્ગ્યું, ચિકનગુનિયા, સ્વાઈન ફલુ, બર્ડ ફલુ જેવી તપાસ માટેના દર્દીના લોહીના નમુના મેળવી સીરમ છૂટું પાડી કોલ્ડચેઈનમાં નિયત કરેલ લેબોરેટરી (મેડીકલ, સિવિલ હોસ્પટલ) માં તપાસ અર્થે મોકલવા એટલે કે જરૂરિયાત મુજબ તપાસ માટે યોગ્ય સેમ્પલ લઈ અન્યત્ર મોકલવા.
- અન્યત્ર લેબોરેટરીમાં મોકલાવેલ તમામ સેમ્પલની વિગત સાચવવી.

૧. લેબોરેટરીમાં થતી સામાન્ય પ્રોસીઝર :

- લેબોરેટરીની સ્વચ્છતા અને સલામતી જાળવવી.
- કાચના સાધનો તથા લેબના સાધનો સ્વચ્છ રહે તેની તકેદારી રાખવી.
- સૂક્ષ્મદર્શકયંત્રની યોગ્ય જાળવણી કરવી.
- સૂક્ષ્મદર્શકયંત્રની પેટીમાં ચોમાસામાં સીલિકા જેલ મૂકવી અથવા ૦ નો ગોળો ચાલુ રાખવો.
- જરૂરી સાધનોને હમેશા જંતુરહિત રાખવા.

- નમૂના અને ચેપી પદાર્થોનો યોગ્ય અને સલામત રીતે નિકાલ કરવો.
- લેબોરેટરીમાં થયેલ તપાસ અંગેનો જરૂરી રેકોર્ડ રાખવો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારીને રીપોર્ટ આપવો.
- તેના કામને લગતા માસિક રીપોર્ટ તૈયાર કરવા.
- લેબોરેટરી માટે જરૂરી સાધનસામગ્રી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી મારફતે માંગણી કરશે અને પ્રાપ્ત થયેલ સાધનસામગ્રીની યોગ્ય અને સલામત રીતે જાળવણી કરવી.

૨. લેબોરેટરીમાં થતી તપાસ :

- **પેશાબની તપાસ :**
  - યુરીનસુગર
  - યુરીન આલ્બ્યુમીન

- **લોહીની તપાસ : (હીમોગ્લોબીન,એચ.આઈ.વી. મેલેરીયા, બ્લડ ગ્રુપ)**

  - આંગળીના ટેરવા પરથી લોહીના નમૂના મેળવવા, મેલેરીયાની જંતુ તપાસ માટે જાડી અને પાતળી સ્લાઈડ તૈયાર કરી સ્ટેઈનીંગ કરી તપાસ કરવી.
  - હિમોગ્લોબીન પ્રમાણ તપાસ
  - ડેન્ગ્યુ, ચિકનગુનિયા, સ્વાઈન ફલૂ, બર્ડ ફલૂ જેવી તપાસ માટેના દર્દીના લોહીના નમૂના મેળવી સીરમ છૂટું પાડવું.
  - એચ.આઈ.વી. માટે બ્લડ લઈ સેન્ટ્રીફ્યુઝ કરવું અને પછી સીરમની તપાસ કરવી.

- **ગળફાની તપાસ :**
  - ગળફાની સ્લાઈડ ક્ષયના જંતુ માઈક્રો બેકટેરીયન ટ્યુબરકલોસીસ તપાસ માટે સ્લાઈડ બનાવી સ્ટેનીંગ કરી અને તપાસ કરવી.

- **યુરીન પ્રેગનન્સી ટેસ્ટ :**

૩. **રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળના** :

- મેલેરિયા કલીનીક ચલાવવી, દર્દીની લોહી તપાસ સ્થળ ઉપર કર્યા બાદ જ આગળની સારવાર કરવી.
- જો દર્દી મેલેરિયા પોઝીટીવ હોય તો સ્થળ પર જ તેની સ્પીસીસ અનુસાર પ્રથમ દિવસની રેડીકલ ટ્રીટમેન્ટ આપવી અને ઘરમાં અન્ય વ્યક્તિઓને તાવ આવવો કે માથું દુખવું જેવી ફરિયાદ હોય તો લોહી પરિક્ષણ કરાવી લેવા માટે સમજણ આપવી.
- તપાસ કરેલ સ્લાઈડનો રેકોર્ડ નિભાવવો અને પોઝીટીવ સ્લાઈડ માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી પાસે તપાસ કરાવી ખાત્રી કરાવવી.
- લોહીના નમૂનાની તપાસ અંગે દૈનિક પ્રગતિ રજીસ્ટર નિભાવવા.
- મળેલ સ્લાઈડના નમૂના પૈકી તપાસવાના બાકી રહેલા નમૂના, બાકી રહેલ નિયંત્રણ સારવાર, રેડીકલ સારવાર અંગે ચાર્ટ નિભાવવા.

**મેલેરિયા સ્લાઈડ**ની આવક બે રીતે થાય છે : એકટીવ અને પેસીવ

1. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઓ.પી.ડી. કેસમાંથી
2. ક્ષેત્રીય કાર્યકર પાસેથી જેવા કે પુરુષ/સ્ત્રી આરોગ્ય કાર્યકર, આશાવર્કર, લીંક વર્કર (અર્બન), તાવ સારવાર કેન્દ્ર પ્રથમ અગ્રતા ઓ.પી.ડી. કેસને આપવામાં આવશે, ત્યારબાદ બાકીના નમૂના તપાસવાના થાય છે.

   તમામ ક્ષેત્રિય કર્મચારીને ગામ પ્રમાણે કોડ નંબર આપવામાં આવે છે. દા.ત. જે.ટી.એ-૧ (એક્ટીવ), જે.ટી.પી.-૧ (પેસીવ)....વગેરે

   ક્ષેત્રીય કાર્યકર પાસે એમ.એફ. ૨ ફોર્મની બે ફાઈલ હોય છે.

   ક્ષેત્રિય કાર્યકર જાતે સ્લાઈડ લઈ એમ.એફ. ફોર્મ ભરી રીપોર્ટીંગ કરાવવા મોકલે છે.

   એમ.એફ. ફોર્મ સાથે સ્લાઈડ કાગળમાં પેક કરીને મોકલવાની હોય છે.

   લેબટેકનીશિયન પાસે એમ.એફ. ૨ ફોર્મની બે ફાઈલ, રજીસ્ટર અને ઓ.પી.ડી.રજીસ્ટર હોય છે.

   લેબટેકનિશિયન મેલેરિયા આવક રજીસ્ટરમાં નોંધ કરે છે.

   લેબટેકનિશિયન એમ.એફ ૮ ફોર્મમાં ક્ષેત્રિય કાર્યકર પ્રમાણે અને ગામ પ્રમાણે નોંધણી કરે છે.

   લેબટેકનિશિયન મેલેરિયા ડેઈલી ડાયરીમાં નોધે છે.

   લેબટેકનિશિયન સ્લાઈડ રીસીવ અને એક્ઝામીનેશન રજીસ્ટરમાં નોંધ કરે છે.

   જો મેલેરિયા પોઝીટીવ આવે તો એમ.એફ. ૭ રજીસ્ટરમાં નોંધ કરે છે.

   ક્રોસ ચેકીંગ માટે ૭ ટકા સ્લાઈડ મેલેરિયા શાખા જીલ્લા પંચાયતમાં મોકલવાની હોય છે.

   જેમાંની : ૩ ટકા - વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાનો કચેરીએ (GOG), 3 ટકા - Regional office of Health & Family Welfare (GOI), ૧ ટકા - જીલ્લા મેલેરિયા અધિકારી

   દર મહિને એમ.એફ. ફોર્મ ભરવામાં આવે છે જે માસ્ટર રજીસ્ટર કહેવામાં આવે છે.

રેકોર્ડસ :

1. લેબરીપોર્ટ
2. એમ.એ. ૮ - વર્કરવાઈઝ રજીસ્ટર
3. એમ.એફ. ૨ રજીસ્ટર
4. એમ.એફ. ૭ - પોઝીટીવ રજીસ્ટર
5. એમ.એફ. ૯ - સેકટરવાઈઝ વીલેજવાઈઝ રજીસ્ટર
6. આવક રજીસ્ટર
7. માસ્ટર રજીસ્ટર
8. રીસીવ/એકઝામીન રજીસ્ટર
9. પેથોલોજી રજીસ્ટર
10. લેબોરેટરી સ્ટોક રજીસ્ટર
11. લેબોરેટરી રજીસ્ટર આઈ.સી.ટી.સી.
12. લેબોરેટરી સ્ટોક રજીસ્ટર આઈ.સી.ટી.સી.
13. આર.એન.ટી.સી.પી. લેબોરેટરી રજીસ્ટર
14. આર.એન.ટી.સી.પી. સ્ટોક રજીસ્ટર

## સ્ટાફ નર્સની ફરજો

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફનર્સની કામગીરીની ટુંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત એમની યોગ્યતા અને ક્ષમતાને ધ્યાને લઈ તબીબી અધિકારીશ્રીએ ઈન્ફેકશન કંટ્રોલ નર્સની કામગીરી સોંપેલ છે.

- દર્દીઓને નર્સિંગ સેવાઓ આપવી.
- સુવાવડ કરાવવી જન્મ રીપોર્ટ ભરી દિન ૭ સુધીમાં ગ્રામ પંચાયતમાં મોકલવો.
- ઈમરજન્સી સેવાઓ આપવી.
- જરૂરિયાત મુજબ ઓ.પી.ડી.માં કેસ પેપર કાઢવા અને દવાઓ આપવી.
- સંમતિપત્રક પર દર્દી અને સગાની સહી કરાવવી.
- તબીબી અધિકારીની ગેરહાજરીમાં નકકી થયેલ કેસોમાં સારવાર આપવી.
- તબીબી અધિકારી દવારા નકકી કર્યા મુજબ માઈનર સર્જરીની સેવાઓ (ડ્રેસિંગ, સ્ટિચ, ટાકા કાઢવાનું, એપીસિઓટોમી વગેરે) આપવી.
- સંદર્ભ સેવાઓ આપવી.
- ઓપરેશન દરમ્યાન મદદ કરવી.
- દર્દીઓને જરૂરી આરોગ્ય શિક્ષણ આપવું.
- વોર્ડના તમામ દર્દીઓની કાળજી લેવી અને દવાઓ આપવી.
- લેબર રૂમની તમામ વ્યવસ્થા કરવી.
- ડીલીવરી અને ડ્રેસીગના જરૂરી સાધનો સ્ટરીલાઈઝેશન કરી તૈયાર કરવા અને તેનો રેકોર્ડ ઓટોક્લેવ રજીસ્ટરમાં રાખવો.
- બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ કરવો.
- એચ.આઈ.વી. પોઝીટીવ દર્દીઓને એચ.આઈ.વી. સંમતિપત્ર ભરાવવું અને જરૂરી માર્ગદર્શન આપવું.

રેકોર્ડ્સ :

1. ઈમરજન્સી દવાઓનું લીસ્ટ
2. ઈમરજન્સી રજીસ્ટર
3. ઈજા/અકસ્માત રજીસ્ટર
4. ડયુટી રજીસ્ટર
5. ડીલીવરી/ડ્રેસિંગના સાધનોનું લીસ્ટ
6. એચ.આઈ.વી. દર્દીનો રેકોડ
7. ડીલીવરી રજીસ્ટર
8. ઓવરબુક
9. ઓટોકલેવ રજીસ્ટર
10. ઈન્ડોર રજીસ્ટર
11. ઈન્ડોર કેસ અને સંમતિપત્ર ફાઈલ
12. એચ.આઈ.વી. સંમતિપત્રની ફાઈલ
13. એચ.આઈ.વી. રજીસ્ટર
14. એચ.એ.આઈ. રજીસ્ટર (ઈન્ફેકશન વિષયક)
15. ડાયટ રજીસ્ટર
16. ફ્યુમીગેશન રજીસ્ટર
17. Rks Kit From/Register

## ઈન્ફેકશન કંટ્રોલ નર્સની ફરજો

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફનર્સ, ઈન્ફેકશન કંટ્રોલ નર્સ તરીકેનો ચાર્જ સંભાળશે. જેની કામગીરીની ટૂંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત એમની યોગ્યતા અને ક્ષમતાને ધ્યાને લઈ તબીબી અધિકારી અન્ય કામો પણ સોંપી શકશે.

- દરરોજ દવાખાનામાં થતા ચેપનાં (HAI) કેસો શોધવા.
- ચેપનો પ્રકાર નકકી કરવો.
- જરૂરત જણાય તો ચેપના જંતુ નકકી કરવા માટે કલ્ચરની વ્યવસ્થા કરવી.
- દવાખાનાનાં ચેપના સર્વેક્ષણનું આયોજન કરવું.
- દવાખાનામાં ચેપના આઉટબ્રેકની તપાસ કરવી.
- કર્મચારીઓ માટે ચેપ નિયંત્રણ અંગે તાલીમનું આયોજન કરવું.
- ચેપ નિયંત્રણ નીતિ (Infection Control Policy) બનાવવામાં તબીબી અધિકારીને સહયોગ આપવો.
- ચેપ નિયંત્રણ અંગે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનું અમલીકરણ કરાવવું.
- ચેપના અટકાયત અંગે કર્મચારીઓને માર્ગદર્શન આપવું.
- આઉટબ્રેકની નું અમલીકરણ કરાવવું.
- રેકોર્ડ અને રજીસ્ટર અદ્યતન રાખવું.
- કર્મચારીઓને થતી ઈજાની માહિતી રાખવી.
- કર્મચારીઓ પોસ્ટ એક્સપોઝર પ્રોફાઈલેકસીસ (PEP) સારવાર પૂરી કરે, એની ખાતરી કરવી.

## સ્ત્રી આરોગ્ય સુપરવાઈઝરની ફરજો

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ત્રી આરોગ્ય સુપરવાઈઝરની કામગીરીની ટુંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત એમની યોગ્યતા અને ક્ષમતાને ધ્યાને લઈ તબીબી અધિકારીશ્રી અન્ય કામો પણ સોંપી શકશે.

### ૧) મોનીટરીંગ, સુપરવિઝન અને વહીવટી કામગીરી

- સ્ત્રી આરોગ્ય કાર્યકર, આશા વર્કર અને દાયણ બહેનોનું સુપરવિઝન કરવું અને માર્ગદર્શન આપવું.
- સ્ત્રી આરોગ્ય કાર્યકરોની ક્ષેત્રીય કામગીરીના આયોજનમાં મદદ કરવી અને માર્ગદર્શન આપવું.
- દર અઠવાડિયામાં એક વખત નકકી કરેલ દિવસે પેટા કેન્દ્રની મુલાકાત લેવી, કામગીરી અંગે માર્ગદર્શન આપવું.
- પેટા કેન્દ્ર પર બધા જ સાધનો અને દવાઓ યોગ્ય રીતે મૂકવામાં આવે તેની ખાતરી કરવી.
- સ્ત્રી આરોગ્ય કાર્યકરની જનરલ કીટ, મિડવાઈફરી કીટ અને દાઈની કીટની યોગ્ય રીતે જાળવણીની ખાતરી કરવી. પેટા કેન્દ્રની સ્વચ્છતાનું સુપરવિઝન કરવું.
- સ્ત્રી આરોગ્ય કાર્યકરોની કામગીરીની ગૃહ મુલાકાત કરી ખરાઈ કરવી.
- પુરૂષ સુપરવાઈઝર સાથે મળી આરોગ્ય કર્મચારીઓની મીટિંગ કરવી..
- સ્ત્રી આરોગ્ય કાર્યકરોની કામગીરીની દર પખવાડીયામાં સમીક્ષા કરવી.
- પુરૂષ આરોગ્ય કાર્યકર, અન્ય ક્ષેત્રીય કર્મચારીઓ અને સ્ત્રી આરોગ્ય કાર્યકરની કામગીરી વચ્ચે સમન્વય કરવો.

- શિક્ષકો, મહિલા મંડળો અને મહિલા આગેવાનોનું સંપર્ક કરી આરોગ્યના કાર્યક્રમોમાં સહકાર મેળવવો. પુરૂષ સુપરવાઈઝર સાથે મળી પેટા કેન્દ્રો પર દવાઓ અને સાધનો પહોંચાડવી.
- તમામ રાષ્ટ્રીય, રાજય કક્ષાના અને જિલ્લા કક્ષાના કાર્યક્રમોના સફળ અમલીકરણમાં તબીબી અધિકારીને મદદ કરવી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મીટિંગમાં હાજરી આપવી.

**૨) તાલીમ અને આરોગ્ય શિક્ષણ**

- સ્ત્રી આરોગ્ય કાર્યકર, આશા વર્કર અને દાયણ બહેનોને તાલીમ આપવી.
- સ્ત્રી આરોગ્ય કાર્યકરોની ક્ષેત્રીય કામગીરીની કુશળતા વધારવી.
- તબીબી અધિકારીને બધા જ કેડરને, તમામ પ્રકારની તાલીમ આપવામાં મદદ કરવી.
- તમામ કાર્યક્રમો માટે લોકોને આરોગ્ય શિક્ષણ આપવું.

**૩) આરોગ્યલક્ષી કાર્યક્રમોનું અમલીકરણ**

- અકસ્માત, ઈમરજન્સીમા પ્રાથમિક સારવાર આપવી. જરૂર પડે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર સુવાવડ કરાવવી.
- ક્ષેત્રીય મુલાકાત દરમ્યાન જરૂરી લાભાર્થિઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર રીફર કરવા.
- કેમ્પ, આરોગ્ય મેળા અને સ્પર્ધાઓના આયોજન અનને અમલીકરણમાં મદદ કરવી.
- પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમના સફળ અમલીકરણની ખાતરી કરવી.
- પેટા કેન્દ્રો અને ગામોમાં મમતા કલીનિકનું આયોજન કરવુ.
- જરૂર જણાય તો ગ્રામ્ય સ્તર પર ગૃહ મુલાકાત કરી મિડવાઈફરી સેવાઓ આપવી.
- ધાત્રી માતાઓને સ્તનપાન અંગે તાલીમ આપવી.
- બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓને આર્યન ફોલીક એસિડની ગોળી અને વિટામિન-એ મળ્યા અંગેની ખાતરી કરવી. ૦ થી ૫ વર્ષ સુધીના બાળકોની ગ્રોથ મોનીટરીંગ કરવું.
- બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓને પૂરક પોષણ મળ્યાની ખાતરી કરવી.
- રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ મુજબ તમામ લાભાર્થિઓના રસીકરણનું આયોજન કરવું.
- આરોગ્ય કર્મચારીઓ દ્વારા નયુમોનિયાના કેસોનું વહેલુ નિદાન, સારવાર અને રેફરલની ખાતરી કરશે.
- આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઝાડાના કેસોનું વહેલુ નિદાન, સારવાર અને રેફરલ ની ખાતરી કરવી.
- કુટુંબ કલ્યાણના કેમ્પોના આયોજનમાં તબીબી અધિકારીની મદદ કરવી.
- પેટા કેન્દ્રો પર કુટુંબ કલ્યાણના કેમ્પોના આયોજનમાં આરોગ્ય કર્મચારીઓને મદદ કરવી.
- લાભાર્થિઓને આઈ.યુ.ડી મૂકવી અને ફોલોઅપ કરવુ.
- એમ.ટી.પી.ના લાભાર્થિઓને યોગ્ય જગ્યાએ રીફર કરવા.
- ગામડાઓમાં દવા વિતરણ કેન્દ્રો અને નિરોધ બેંકને કાર્યરત કરવી.
- વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમના અમલીકરણમાં પુરૂષ સુપરવાઈઝરની મદદ કરવી.
- શાળા આરોગ્ય કાર્યક્રમના અમલીકરણમાં તબીબી અધિકારીની મદદ કરવી.

**રેકોર્ડસ :**

- દર અઠવાડિયામાં એક વખત નકકી કરેલ દિવસે પેટા કેન્દ્રની મુલાકાત
- વેકસીન રજીસ્ટર
- ટી.એલ. કેમ્પના ઓટોકલેવ રજીસ્ટર
- ઇન્સ્ટ્રુમેન્ટ રજીસ્ટર

- લીનન રજીસ્ટર
- ડ્રગ રજીસ્ટર
- ટી.એલ.માસ્ટર રજીસ્ટર
- કુપોષિત બાળક રજીસ્ટર
- જનની રજીસ્ટર
- મીટીંગ રજીસ્ટર
- બર્થ માઈક્રો પ્લાન રજીસ્ટર
- મમતા ચેકલીસ્ટ ફાઈલ
- પી.એચ.સી. મંથલી રીપોર્ટ ફાઈલ
- વિટામિન-એ રીપોર્ટફાઈલ
- આઈ.એમ.આર. ફાઈલ
- એમ.એમ.આર. ફાઈલ
- આઈ.એમ.એન.સી.આઈ. ફાઈલ
- પરિપત્ર ફાઈલ
- નર્સીંગ સ્ટુડન્ટ ફાઈલ
- સબસેન્ટર વસ્તુઓના ચાર્જની ફાઈલ
- કોરા રીપોર્ટ ફાઈલ

<u>પુરૂષ સુપરવાઈઝરની ફરજો</u>

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પુરૂષ સુપરવાઈઝરની કામગીરીની ટુંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત એમની યોગ્યતા અને ક્ષમતાને ધ્યાને લઈ તબીબી અધિકારીશ્રી અન્ય કામો પણ સોંપી શકશે.

૧) મોનીટરીગ , સુપરવિઝન અને વહીવટી કામગીરી :

- પુરૂષ આરોગ્ય કાર્યકરોનું સુપરવિઝન અને માર્ગદર્શન કરવું.
- પુરૂષ આરોગ્ય કાર્યકરોની ક્ષેત્રીય કામગીરીના આયોજનમાં મદદ કરવી અને માર્ગદર્શન આપવું.
- દર અઠવાડિયામાં એક વખત નકકી કરેલ દિવસે પેટા કેન્દ્રની મુલાકાત લેવી અને ક્ષેત્રીય કામગીરીનું નિરીક્ષણ કરવું.
- પેટા કેન્દ્ર પર બધા જ સાધનો અને દવાઓ યોગ્ય રીતે મૂકવામાં આવે તેની ખાતરી કરવી.
- પુરૂષ આરોગ્ય કાર્યકરની દવાની કીટની ચકાસણી કરવી.
- પુરૂષ આરોગ્ય કાર્યકરોની કામગીરીની ગૃહ મુલાકાત કરી ખરાઈ કરવી.
- સ્ત્રી આરોગ્ય સુપરવાઈઝર સાથે મળી પેટા કેન્દ્રો પર દવાઓ અને સાધનો પહોંચાડવા.
- પુરૂષ આરોગ્ય કાર્યકર, અન્ય ક્ષેત્રીય કર્મચારીઓ અને સ્ત્રી આરોગ્ય કાર્યકરની કામગીરી વચ્ચે સમન્વય કરવો.
- શિક્ષકો અને ગ્રામ્ય આગેવાનોનો સંપર્ક કરી આરોગ્યના કાર્યક્રમોમાં સહકાર મેળવવો.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સ્ત્રી આરોગ્ય સુપરવાઈઝર સાથે મળી દર શનિવારે આરોગ્ય કર્મચારીઓની મીટિંગ કરી માહિતી મેળવવી.
- પુરૂષ આરોગ્ય કાર્યકરોની કામગીરીની દર માસે સમીક્ષા કરવી.
- તમામ રાષ્ટ્રીય, રાજય કક્ષાના અને જિલ્લા કક્ષાના કાર્યક્રમોના સફળ અમલીકરણમાં તબીબી અધિકારીની મદદ કરવી.
- રોગચાળાની સ્થિતિ દરમ્યાન આકસ્મિક સંજોગોમાં ગુજરાતના ગમે તે સ્થળે MOH Sir ના આદેશ મુજબ કામગીરી માટે જવું.

૨) તાલીમ અને આરોગ્ય શિક્ષણ :

- પુરૂષ આરોગ્ય કર્મચારીઓને તાલીમ આપવી.
- તબીબી અધિકારીને બધા જ કેડરની, તમામ પ્રકારની તાલીમ આપવામાં મદદ કરવી.
- કેમ્પ, આરોગ્ય મેળા અને સ્પર્ધાઓના આયોજન અને અમલીકરણમાં મદદ કરવી.
- તમામ કર્મચારીઓને કલોરોસ્કોપ, સ્લાઈડ બોક્ષ અને આયોડિન કીટ આપવી.
- ક્ષેત્રીય કર્મચારીઓને આવશ્યક તપાસની તાલીમ આપવી તેમજ લીધેલ નમૂના નિયત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પહોચે તેવી વ્યવસ્થા ગોઠવવી.
- ચોમાસા પૂર્વે આશા વર્કરને દવાની કીટ આપવી. ગ્રામ પંચાયતને ટી.સી.એલ. પાવડર આપવો. પાણીની લાઈન લીકેજ હોય તો ગ્રામ પંચાયતને જાણ કરવી.

૩) આરોગ્યલક્ષી કાર્યકરોનું અમલીકરણ :

- અકસ્માત, ઈમરજન્સીમાં પ્રાથમિક સારવાર આપવી.
- ક્ષેત્રીય મુલાકાત દરમ્યાન જરૂરી લાભાર્થીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર રીફર કરવા.

- વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરી :

- વાહકજન્ય રાગોના નિયંત્રણ માટે જરૂરિયાત મુજબ કામગીરી કરવી.

- સંચારી રોગ નિયંત્રણની કામગીરી :
- ધરોમાં કલોરીન ગોળીના વિતરણનું આયોજન કરવું.
- શૌચાલયના નિર્માણ અને વપરાશ માટે લોકોને પ્રોત્સાહિત કરવા.

- કુટુંબ કલ્યાણ કાર્યક્રમ :
- કુટુંબ કલ્યાણના કેમ્પોના આયોજનમાં તબીબી અધિકારીની મદદ કરવી.
- કઠિન દંપતિને સમજણ આપવી.
- કુટુંબ કલ્યાણ કાર્યકમના લાભાર્થીઓના ફોલોઅપનું આયોજન કરવું.

- રક્તપિત્ત નિયંત્રણ કામગીરી :
- રકતપિત્તના કેસોની નિયમિત સારવાર અંગેની ખાતરી કરવી.
- રક્તપિત્તના ડીફોલ્ટર કેસોને નિયમિત કરવાનો પ્રયત્ન કરવો અને તબીબી અધિકારીને જાણ કરવી.

- ક્ષયરોગ નિયંત્રણ કામગીરી :
- ક્ષય રોગના કેસોની નિયમિત સારવાર અંગેની ખાતરી કરવી.
- ક્ષય રોગના ડીફોલ્ટર કેસોને નિયમિત કરવાનો પ્રયત્ન કરવો અને તબીબી અધિકારીને જાણ કરવી.
- કિચન ગાર્ડન બનાવવા માટે લોકોને પ્રોત્સાહિત કરવા. સ્ત્રી આરોગ્ય કાર્યકર અને સ્ત્રી આરોગ્ય સુપરવાઈઝરની મદદથી શાળા આરોગ્ય કાર્યક્રમોનું આયોજન કરવુ.

રેકોર્ડ્સ :

- રજીસ્ટર : ૧ - ટુર ડાયરી
- રજીસ્ટર : ૨ - માસ્ટર રજીસ્ટર
- રજીસ્ટર : ૩ - સ્ટોક રજીસ્ટર
- રજીસ્ટર : ૪ - શંકાસ્પદ રકતપિત્ત કસ રજીસ્ટર
- રજીસ્ટર : ૪(અ) - રક્તપિત્ત ડ્રગ સ્ટોક રજીસ્ટર
- રજીસ્ટર : ૪(બ) - રક્તપિત્ત સારવાર રજીસ્ટર
- રજીસ્ટર : ૫ - એન.વી.બી.ડી.સી.પી. રજીસ્ટર
- રજીસ્ટર : ૬ - શાળા આરોગ્ય કાર્યક્રમ
- ફાઈલ : ૧ - કલોરીનેશન ફાઈલ
- ફાઈલ : ૨ - મેલેરીયા એકશન પ્લાન ફાઈલ
- ફાઈલ : ૨ - મેલેરીયા પોઝીટીવ કેસ રીપોરટીગ ફાઈલ
- ફાઈલ : ૩ - પી.એચ.સી. માસિક રીપોર્ટ ફાઈલ,
- ફાઈલ : ૪ - વિકલાંગતા માહિતી ફાઈલ
- ફાઈલ : ૫ - રક્તપિત્ત માહિતી ફાઈલ તથા સારવાર કાર
- ફાઈલ : ૬ - ટૂર ડાયરી ફાઈલ
- ફાઈલ : ૭ - શાળા આરોગ્ય કાર્યક્રમ માઈક પ્લાનીંગ તથા રીપોર્ટીંગ ફાઈલ
- ફાઈલ : ૮ - પરિપત્રની ફાઈલ
- ફાઈલ : ૯ - કોરાફોર્મ ફાઈલ
- ફાઈલ : ૧૦ - IDSP reporting ફાઈલ

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફાઈનાન્સ આસિસ્ટન્ટ કમ ડેટા એન્ટ્રી ઓપરેટરની કામગીરીની ટૂંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત એમની યોગ્યતા અને ક્ષમતાને ધ્યાને લઈ તબીબી અધિકારીશ્રી અન્ય કામો પણ સોંપી શકશે.

**૧) નાણાકીય કામગીરી :**

- એન.આર એચ. એમ હેઠળની તમામ નાણાંકીય કામગીરી જેવી કે :
  - ❖ અનટાઈડ (પરચૂરણ ખર્ચ) :- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સાફ-સફાઈ ખર્ચ, પાર્ટ ટાઈમ સ્વીપરનો પગાર, સાબુ-પાવડર ખરીદી, સટેશનરીનો ખર્ચ વગેરેના બીલોનુ પ્રમાણપત્ર આપી ફાઈલ બનાવવી.
  - ❖ મેઈનટેનન્સ :- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં યંત્રસામગ્રી વગેરેની જાળવણીનો ખર્ચ, સમારકામ ખર્ચ, પાણીની મોટર, ઈલેક્ટ્રીકલ ખર્ચ, કોમ્પ્યુટરનો તમામ ખર્ચ વગેરેના બીલો/પ્રમાણપત્ર આપી ફાઈલ બનાવવી.
  - ❖ રોગી કલ્યાણ સમિતિ :- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વિવિધ મશીન કોમ્પ્યુટર ખરીદી, યંત્ર ખરીદી, ઓપરેશન ટેબલ, આર.ઓ. પ્લાન્ટ નાખવો. બાયોમેડીકલ વેસ્ટનો ખર્ચ અને ગાડીના બીલનો ખર્ચ રોગી કલ્યાણ સમિતિના ફંડમાંથી કરવામાં આવે છે. ડીલીવરી વખતે બાળકને બેબી કીટ આપવી. સાધન સામગ્રી (ગ્લુકોમીટર) તથા ફર્નિચર વગેરેની ખરીદી કરવી.
  - ❖ ગ્રામ આરોગ્ય સમિતિ (વી.એચ.સી.) :- એચ.આઈ.વી. ટેસ્ટીંગ સાધનોની ખરીદી બિલો તથા ફાઈલ બનાવવી. સમિતિના સભ્યને એન.આર.એચ.એમ. ના ફંડમાંથી વાર્ષિક રૂ.૧૦,૦૦૦ આપવામાં આવે છે અને તે રકમ પ્રોત્સાહક ઈનામ કે દાનપેટે વાપરી શકાય છે.

- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બજેટ તૈયાર કરવું એટલે કે ગ્રાન્ટ કેટલી છે તથા વપરાશ છેલ્લે કેટલું બેલેન્સ છે તેની ખાત્રી કરવી.
- બેકમાં આગળથી ફાળવેલ ગ્રાન્ટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ખાતામાં જમા કરાવવી તથા જયારે જરૂર પડે ત્યારે નાણાં ઉપાડવા તેમજ ચેક અને પાસબુક અદ્યતન રાખવી.
- લાઈટ બિલ તથા ટેલિફોન બિલ ભરવા જવું.
- એમ.આઈ.એસ.ને અદ્યતન રાખવું એટલે કે કોમ્પ્યુટર એસેસરીઝને વ્યવસ્થિત રાખવા, ઝેરોક્ષ મશીન, આર.ઓ. પ્લાન્ટ, ટેલિફોન વગેરેની જાળવણી કરવી.
- તમામ નાણાંકીય રેકોર્ડ દા.ત. કેશબુક, વાઉચર વગેરે અદ્યતન રાખવા.
- તમામ બિલો તૈયાર કરી ઓડીટ માટે મુકવા.
- દર માહે નિયત નમૂનામાં નાણાંકીય રીપોર્ટ સમયસર ઉપલી કચેરીને મોકલવા.
- પેટા કેન્દ્રના કર્મચારીઓને નાણાંકીય વ્યવસ્થાપનની તાલીમ આપવી.
- પેટા કેન્દ્રોને નાણાંની સમયસર ફાળવણી કરવી.
- પેટા કેન્દ્રના બિલો વાઉચરોની ચકાસણી કરવી.
- પેટા કેન્દ્રના બિલો પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઓડીટ માટે મૂકવા.
- બ્લોકના કર્મચારીઓને કામગીરીમાં મદદ કરવી.
- કામગીરીના અહેવાલ નિયત નમૂનામાં તૈયાર કરવા.
- માહિતી નિયત નમૂનામાં તૈયાર કરી સમયસર ઉપલી કચેરીને મોકલવી.
- રીપોર્ટસ અને કામગીરી તેમજ આયોજનનું પ્રેઝન્ટેશન બનાવવું.
- JSY, Family Planning, Untied, Maintenance, Rogi Kalyan Samiti Reporting, Cash book and Accounts.

૨) રેકોર્ડસ અને રીપોર્ટીંગની કામગીરી :

**આયુષ તબીબના રેકોર્ડસ**

- કિશોર યુવા સલાહ સારવાર કેન્દ્રનું અઠવાડિક અને માસિક રીપોર્ટીંગ
- આર.એન.ટી.સી.પી. ની માહિતી ફાઈલ

**લેબ ટેકનીશીયનના રેકોર્ડસ**

- એચ.આઈ.વી.સ્ટોક પોઝીશન
- આઈ.સી.ટી.સી.
- ફેસીલીટી માસ્ટર ટેમ્પલેટ
- માસિક બર્થ માઈક્રો પ્લાન
- મેલેરિયા માસિક એન્યુઅલ પ્રફોર્માં
- પી.એચ.સી. જનરલ માહિતી
- સ્વાઈન ફ્લુ પ્રેઝન્ટેશન
- પોલીયો બુથવાઈઝ માહિતી પત્રક

**સ્ટાફ નર્સના રેકોર્ડસ**

- એચ.આઈ.વી. રીપોર્ટીંગ ફોર્મ
- એ.એન.સી. ફોર્મ

**બી.આઈ.ઈ.સી.ઓ. ના રેકોર્ડસ**

- વિકલાંગતા પુનર્વસન કેમ્પ પત્રક
- વિકલાંગતાની માહિતી
- ડેન્ગ્યું સર્વેપત્રક
- કૃષિરથ પ્રવૃત્તિનો અહેવાલ
- મકાન બાંધકામ માહિતી પત્રક
- આર.એસ.બી.વાય.નુ પત્રક
- ટી.એલ. કેસની માહિતી ૨૦૦૧ થી ૨૦૦૯
- સમયદાન રીપોર્ટીંગ
- આઈ.ઈ.સી.બી.સી.સી. એકશન પ્લાન
- વર્લ્ડ હેલ્થ રેડ રીબન વગેરે ફોટાનું કલેકશન
- આઉટરીચ ઓ.પી.ડી. પત્રક
- ગ્રામ આરોગ્ય સમિતિના સભ્યની માહિતી
- આર.ટી.આઈ.નું માહિતી પત્રક

**સ્ત્રી આરોગ્ય સુપરવાઈઝરના રેકોર્ડસ**

- કામગીરીનું મૂલ્યાંકન પત્રક
- આઈ.એમ.એન.સી.આઈ. પત્રક
- મમતા દિવસનું આયોજન

- માસિક રિમ પત્રક
- વેકસીન સ્ટોક પત્રક
- દરેક કામગીરીને લગતુ પાવરપોઈન્ટ

**પુરુષ આરોગ્ય સુપરવાઈઝરના રેકોર્ડસ**

- મોતીયાના કેસનું અઠવાડિક રીપોર્ટીંગ
- સ્કૂલ હેલ્થ પ્લાનિંગ રીપોર્ટીંગ
- રક્તપિત્તની માહિતી
- એન.વી.બી.ડી.સી.પી. અઠવાડિક રીપોર્ટીંગ
- આઈ.ડી.એસ.પી. અઠવાડિક રીપોર્ટીંગ

**ફાયનાન્સ આસીસ્ટન્ટ કમ ડેટા એન્ટ્રી ઓપરેટરના રેકોર્ડસ**

- ગાડીની હિસ્ટરી શીટ તથા ફાઈલ
- ઈન્ટરનેટની માહિતી ફાઈલ
- ડ્રમ હરાજી પત્રક
- ડેડસ્ટોક રજીસ્ટર
- આશા પગાર પત્રક

## <u>સ્ત્રી આરોગ્ય કાર્યકરની ફરજો</u>

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ત્રી આરોગ્ય કર્મચારીની કામગીરીની ટુંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત કર્મચારીની યોગ્યતા અને ક્ષમતાને ધ્યાને લઈ તબીબી અધિકારી અન્ય કામો પણ સોંપી શકશે.

**૧) સર્વે,માહિતીનું સંકલન, રેકોર્ડ અને રીપોર્ટીંગની કામગીરી** :

- ગામનો સર્વે કરી તમામ માહિતી નિયત નમૂનામાં એકત્ર કરવી.
- લાયક દંપતિ અને લક્ષિત દંપતિ રજીસ્ટર નિભાવવું.
- જન્મ, મરણ અને લગ્નની માહિતી એકત્રિત કરવી.
- પેટા કેન્દ્ર માટે નકકી કરેલ અન્ય રજીસ્ટરો યોગ્ય રીતે નિભાવવા.
- તમામ માહિતી નિયત નમૂનામાં સમયસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આપવાની રહેશે.

**૨) આરોગ્યલક્ષી કાર્યકરોનું અમલીકરણ :**

૨.૧) પુરૂષ આરોગ્ય કાર્યકર સાથે મળી ગ્રામ આરોગ્ય સમિતિનું વાર્ષિક આયોજન તૈયાર કરવું.

૨.૨) લોકોને બીમારીઓની અને ઈમરજન્સીમાં પ્રાથમિક સારવાર આપવી.

૨.3) કુટુંબ કલ્યાણની સેવાઓ :

- લક્ષિત દંપતિઓને ગર્ભનિરોધક સાધનોના ઉપયોગ માટે પ્રોત્સાહન આપવું.
- ઓપરેશન માટે તૈયાર દંપતિનુ કેમ્પમાં ઓપરેશન કરાવવું.
- કૉપર-ટી નો ઉપયોગ કરવા તૈયાર દંપતિને કોપર-ટી મૂકવી.
- લક્ષિત દંપતિને ઓરલ-પિલ અથવા નિરોધની સેવાઓ આપવી.
- એમ.ટી.પી. ના લાભાર્થીઓને સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર રીફર કરવું.
- કુટુંબ કલ્યાણની સેવાઓ લેનાર તમામ દંપતિઓનું ફોલોઅપ કરવું.

**૨.૪) પ્રજનન અને બાળ આરોગ્યની સેવાઓ :**

- મમતા દિવસનું આયોજન પુરૂષ આરોગ્ય કાર્યકર, આશા વર્કર અને આંગણવાડી કાર્યકરની મદદથી કરવું.
- સગર્ભા સ્ત્રીઓનું રજીસ્ટ્રેશન કરવું અને સંપૂર્ણ કાળજી લેવી.
- સગર્ભા સ્ત્રીઓને ધનુરની રસી અને આયર્નની ગોળીઓ આપવી.
- સગર્ભા સ્ત્રીઓની ઓછામાં ઓછી ત્રણ તબીબી તપાસ કરાવવી.
- સગર્ભા સ્ત્રીઓના લોહી અને પેશાબની લેબારેટરી તપાસ કરાવવી.
- સગર્ભા સ્ત્રીઓ પૈકી પાત્રતા ધરાવતા લાભાર્થીઓને જનની સુરક્ષા યોજનાના લાભો અપાવવા.
- સગર્ભા સ્ત્રીઓને સંસ્થાકીય સુવાવડ કરાવવી.
- પ્રસૂતા સ્ત્રીઓને અઠવાડીયામાં ત્રણ મુલાકાત કરી સેવાઓ આપવાનું આયોજન કરવું.
- આર.ટી.આઈ.ના કેસોને સારવાર આપવી અથવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવું.
- રસીકરણના તમામ લાભાર્થીઓને રાષ્ટ્રીય રસીકરણ પત્રક મુજબ પુરૂષ આરોગ્ય કાર્યકર સાથે મળી રસીઓ આપવી.
- કિશોરીઓને ધનુરની રસી અને આર્યનની ગોળીઓ આપવી.
- કિશોરીઓને AFHS ખાતે રીફર કરવી

- ૦ થી ૫ વર્ષના બાળકોને આયર્ન, કરમિયાની ગોળીઓ અને વિટામીન-એ ની દવા આપવી.
- આંગણવાડીના લાભાર્થીઓને આરોગ્ય શિક્ષણ, નિદાન અને સારવારની સેવાઓ આપવી.
- કુપોષણ દૂર કરવા જનજાગૃતિ કેળવવી.
- ગંભીર કુપોષણના, હાઈ રિસ્ક અને વધુ માંદગીવાળી સગર્ભા સ્ત્રીઓ, પ્રસૂતા અને બાળકોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર રીફર કરવું.
- પ્રજનન અને બાળ આરોગ્યની સેવાઓ માટે આશા વર્કરને સક્રિય કરવા.

૨.૫) વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ :

- મેલેરીયાના નિદાન માટે તાવના કેસોની સ્લાઈડ બનાવીને મોકલવી.
- તાવના કેસોને પ્રાથમિક સારવાર આપવી.
- પોરાનાશક કાર્યક્રમના આયોજનમાં પુરૂષ આરોગ્ય કાર્યકરને મદદ કરવી.
- હાથીપગાના દર્દીઓને પગની કાળજી માટે સમજણ આપવી.

૨.૬) સંચારી રોગ નિયંત્રણ :

- ચેપી રોગોનું સર્વેલન્સ કરવું.
- ચેપી રોગો અંગે પુરૂષ આરોગ્ય કાર્યકરને જાણ કરવી.
- ચેપી રોગોની અટકાયત કામગીરીમાં પુરૂષ આરોગ્ય કાર્યકરની મદદ કરવી.
- ઝાડાના દર્દીઓને ઘરગથ્થુ દ્રાવણથી સારવારની સમજણ આપવી અને ઓ.આર.એસ. આપવું.
- ગાઈડલાઈન પ્રમાણે અન્ય રોગોની સારવાર અને આરોગ્ય શિક્ષણ આપવું.
- શરદી ખાંસીના કેસોને સારવાર આપવી અને રીફર કરવું.

ઘરે ઘરે જરૂરીયાત મુજબ ક્લોરીનની ગોળીઓની વહેંચણી કરવી.

૨.૭) રક્તપિત્તના દર્દીઓના સારવાર અને રેફરલમાં પુરૂષ આરોગ્ય કાર્યકરને મદદ કરવી.

૨.૮) ક્ષય રોગના દર્દીઓના સારવાર અને રેફરલમાં પુરૂષ આરોગ્ય કાર્યકરને મદદ કરવી.

૨.૯) દ્રષ્ટિખામી અને મોતીયાના કેસોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર રીફર કરવું.

૨.૧૦) શાળાના બાળકોને આરોગ્ય શિક્ષણ, નિદાન અને સારવારની સેવાઓ આપવી.

૨.૧૧) લોકોને જરૂરિયાત મુજબ આરોગ્ય શિક્ષણ આપવું.

૨.૧૨) મહિલા મંડળોને ગ્રામ આરોગ્યના પ્રશ્નો અંગે માહિતી આપી સહકાર માટે તૈયાર કરવું.

**૩) વહીવટી કામગીરી :**

- પુરૂષ આરોગ્ય કાર્યકર સાથે મળી પેટા કેન્દ્રની જાળવણી કરવી.
- પેટા કેન્દ્રની સ્વચ્છતા જાળવવી.
- બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ કરવો.
- જરૂરિયાત મુજબ દવા વિતરણ કેન્દ્રો બનાવવા.

- આશા વર્કરોને તાલીમ આપવી.
- આશા વર્કરોને જરૂરી દવાઓ અને સાહિત્ય આપવું.
- આશા વર્કરોની કામગીરીનું સુપરવિઝન કરવું.
- આશા વર્કરોની મીટીંગ લેવી.
- આશા વર્કરોની કામગીરીના અહેવાલ ભેગા કરવા.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી દવાઓ અને સાહિત્ય મેળવવું.

**રેકોર્ડસ :**

રજીસ્ટર નં. ૧ - સામાન્ય માહિતી અને ગૃહ મુલાકાતની ડાયરી

રજીસ્ટર નં. ૨ - લાયક દંપતિ સહિત સર્વે રજીસ્ટર

રજીસ્ટર નં. ૩ - કુટબ કલ્યાણ સેવાઓનું રજીસ્ટર

રજીસ્ટર નં. ૪ અને ૫ - માતા અને બાળ સંભાળ રજીસ્ટર,

રજીસ્ટર નં. ૬ - મેલેરીયા સારવારનું રજીસ્ટર,

રજીસ્ટર નં. ૭ - જથ્થાની નોધણી અંગેનુ રજીસ્ટર

રજીસ્ટર નં. ૮ - જન્મ - મરણ નોધણી એગનુ રજીસ્ટર

આઈ.ડી.એસ.પી. સર્વેલન્સ

આઈ.ડી.એસ.પી. - એફ ફોર્મ

Form no. 6 MF 2 form
મમતા દિવસ રજીસ્ટર

રસીકરણ રજીસ્ટર

ગ્રામ આરોગ્ય સમિતિ ઠરાવ બુક

ગ્રામ આરોગ્ય સમિતિ Cashbook, UNTIED expense account book, Voucher file.

માસ્ટર રજીસ્ટર

કિશોરી માટે મમતા તરુણી રજીસ્ટર

ડેડસ્ટોક રજીસ્ટર TIED, UNTIED maintenance, VHSC

<u>પુરૂષ આરોગ્ય કાર્યકરની ફરજો</u>

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પુરૂષ આરોગ્ય કાર્યકરની કામગીરીનું ટુંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત કર્મચારીની યોગ્યતા અને ક્ષમતાને ધ્યાને લઈ તબીબી અધિકારી અન્ય કામો પણ સોંપી શકશે.

**૧) સર્વે, માહિતીનું સંકલન, રેકોર્ડ અને રીપોર્ટીંગની કામગીરી :**

- સર્વે કરી તમામ માહિતી નિયત નમૂનામાં એકત્ર કરવી.
- તમામ રેકોર્ડ અને રજીસ્ટર અદ્યતન રાખવા.
- લાયક દંપતિ અને લક્ષિત દંપતિ રજીસ્ટર નિભાવવું.
- જન્મ, મરણ અને લગ્નની માહિતી એકત્રિત કરી FHW ને નોંધ કરાવવી .
- માહિતી નિયત નમૂનામાં સમયસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આપવી.

૨) આરોગ્યલક્ષી કાર્યકરોનું અમલીકરણ :

- રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ :
- ગૃહ મુલાકાત કરી તાવના કેસો શોધવા.
- મેલેરીયાના નિદાન માટે તાવના કેસોની બી.એસ. લેવી.
- તાવના કેસોને પ્રાથમિક સારવાર આપવી.
- આશા વર્કર અને તાવ સારવાર કેન્દ્રની કામગીરીનું સુપરવિઝન (બી.એસ લે છે?, એમ.એફ-૨ ફોર્મ ભરે છે? દર્દીઓને દવા આપે છે?) કરવું.
- આશા વર્કર અને તાવ સારવાર કેન્દ્ર પર દવાઓ આપવી.
- સ્લાઈડ ભેગી કરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર અઠવાડીયામાં બે વખત અથવા તબીબી અધિકારીની સૂચના મુજબ મોકલવી.
- મેલેરીયા પોઝીટીવ કેસોને રૂબરૂ સંપૂર્ણ સારવાર આપવાનું આયોજન કરવું.
- દવા છંટકાવની કામગીરીમાં પુરૂષ સુપરવાઈઝરની મદદ કરવી.
- ફાઈલેરીયાના નિયંત્રણ માટે સ્ત્રી આરોગ્ય કાર્યકર અને અન્ય ક્ષેત્રીય કર્મચારીઓને સાથે રાખી એમ.ડી.એ. કાર્યક્રમનું આયોજન કરવું.
- તમામ લાભાર્થીઓને ડી.ડી.સી. ની યોગ્ય માત્રામાં દવાઓ રૂબરૂ ગળાવવી.
- સર્વે માટે આયોજન મુજબ રાત્રે લોહીના નમૂના ભેગા કરવા.
- હાથીપગા અને હાઈડ્રોસીલના દર્દીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા.
- હાથી પગાના દર્દીઓને પગની કાળજી માટે સમજણ આપવી.

**૨.૨) રક્તપિત્ત ઉન્મૂલનની કામગીરી**

- રકતપિત્તના શંકાસ્પદ કેસોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા.
- રકતપિત્તના નક્કી થયેલ કેસોને સમયસર સારવાર આપવી અને કાર્ડ નિભાવવા.
- રકતપિત્તથી વિકૃતિ પામેલ દર્દીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા.
- ડીફોલ્ટર દર્દીઓને નિયમિત કરવા.

**૨.૩) સુધારેલ ક્ષયરોગ નિયંત્રણ કાર્યક્રમ :**

- ક્ષયરોગના શંકાસ્પદ કેસોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા.

- ક્ષયરોગના કેસોને રૂબરૂ સારવાર આપવી અને કાર્ડ નિભાવવું.
- અન્ય દવા આપનારનું સુપરવિઝન કરવું.
- ડીફોલ્ટર દર્દીઓને નિયમિત કરવા.

**૨.૪) પ્રજનન અને બાળ આરોગ્ય**

- મમતા કલીનિકના આયોજનમાં સ્ત્રી આરોગ્ય કાર્યકરની મદદ કરવી.
- રસીકરણના તમામ લાભાર્થીઓ (બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને કિશોરીઓ) ને સ્ત્રી આરોગ્ય કાર્યકર સાથે મળી રસીઓ આપવી.
- લાભાર્થીઓને આર્યન, કરમિયાની ગોળીઓ અને વિટામીન-એ ની દવા આપવી.

**૨.૫) કંટુબ કલ્યાણ કાર્યક્રમ :**

- લક્ષિત દંપતિઓને ગર્ભનિરોધક સાધનોના ઉપયોગ માટે પ્રોત્સાહન આપવું.
- ઓપરેશન માટે તૈયાર દંપતિનું કેમ્પમાં ઓપરેશન કરાવવું.
- કોપર-ટી ના ઉપયોગ કરવા તૈયાર દંપતિને સ્ત્રી આરોગ્ય કાર્યકર, સ્ટાફ નર્સ અથવા સ્ત્રી આરોગ્ય સુપરવાઈઝર મારફત કોપર-ટી મૂકવી.
- લક્ષિત દંપતિને ઓરલ પિલ અથવા નિરોધની સેવાઓ આપવી.
- એમ.ટી.પી. માટે દદીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સામૃહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવું.
- કુટુંબ કલ્યાણની સેવાઓ લેનાર તમામ દંપતિઓનું ફોલોઅપ કરવું.
- આર.ટી.આઈ. ના કેસોને સારવાર અર્થે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા.
- આંગણવાડીમાં આરોગ્ય શિક્ષણ, નિદાન અને સારવારની સેવાઓ આપવી.
- કુપોષણ નિવારણ અંગે લોકોને સમજણ આપવી.
- પ્રજનન અને બાળ આરોગ્યની સેવાઓ લેવા માટે લોકોને પ્રોત્સાહન આપવું.

**૨.૬) સંચારી રોગ નિયંત્રણ :**

- ચેપી રોગોનું સર્વેલન્સ કરવું.
- પાણીના સ્ત્રોતોનું કલોરીનેશન કરવું.
- પાણીના સ્ત્રોતોના કલોરીનેશનની ચકાસણી કરવી.
- ધરે ધરે જરૂરિયાત મુજબ કલોરીનની ગોળીઓ વહેંચવી.
- શૌચાલયના ઉપયોગ અંગે જનજાગૃતિ કેળવવી.
- ઝાડાની સારવાર માટે ઘરગથ્થુ દ્રાવણ અને ઓ.આર.એસ. ના ઉપયોગની તાલીમ આપવી.
- સ્વચ્છતા અંગે જનજાગૃતિ કેળવવી.
- ગંદા પાણીના યોગ્ય નિકાલ અંગે માર્ગદર્શન આપવું.
- ચેપી રોગો અટકાયત કામગીરી કરવી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જાણ કરવી.

**૨.૭) શાળામાં આરોગ્ય શિક્ષણ, નિદાન અને સારવારની સેવાઓ આપવી.**

**૨.૮) અંધ અને મોતીયાના કેસોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા.**

**૨.૯) લોકોને બીમારીઓમાં અને ઈમરજન્સીમાં પ્રાથમિક સારવાર આપવી.**

**૨.૧૦) દર્દીઓને જરૂરિયાત મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર અથવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર સંદર્ભ સેવા અર્થે મોકલવાનું રહેશે.**

**૩) વહીવટી કામગીરી :**

- સ્ત્રી આરોગ્ય કાર્યકર સાથે મળી પેટાકેન્દ્રની જાળવણી કરવી.
- પેટાકેન્દ્રની સ્વચ્છતા જાળવવી.
- બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ કરવો.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી દવાઓ અને સાહિત્ય મેળવવું.

**રેકોર્ડ્સ :**

- દૈનિક ડાયરી
- લાયક-લક્ષિત દંપતિ રજીસ્ટર
- મેલેરીયા એમ.એફ-૨ રજીસ્ટર
- કુટુંબ કલ્યાણ રજીસ્ટર
- કલોરીનેશન લોગબુક રજીસ્ટર
- માસ્ટર રજીસ્ટર
- સ્ટોક રજીસટર
- માહિતી બુક

## આશા વર્કરની ફરજો

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આશા વર્કરની કામગીરીનું ટૂકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત આશા વર્કરની યોગ્યતા અને ક્ષમતાને ધ્યાને લઈ તબીબી અધિકારી નાણાંકીય પ્રોત્સાહનના આધારે અન્ય કામો પણ કરાવી શકશે.

- ગ્રામ આરોગ્ય સમિતિમાં સક્રિય રહેવું.
- ગ્રામ આરોગ્ય સમિતિના વાર્ષિક આયોજનમાં સહયોગ કરવો.
- ગામમાં આરોગ્ય અંગે (સંસ્થાકીય સુવાવડ, સ્તનપાન, પૂરક પોષણ, રસીકરણ, ગર્ભ નિરોધક ઉપાય) જનજાગૃતિ કેળવવી.
- લોકોને આરોગ્ય સેવાઓ લેવા માટે પ્રોત્સાહિત કરવા.
- લોકોને સારી ટેવો (કલોરીનેશન કરેલ પાણીનો ઉપયોગ, શૌચાલયનો ઉપયોગ, માંદગીમાં તબીબી સારવાર લેવી વગેરે) માટે સમજણ આપવી.
- લોકોને ખરાબ ટેવો (જવી કે ડામ મૂકવા, જન્મ વખતે બાળકને પ્રવાહી આપવુ, સગર્ભા સ્ત્રીઓને બધો જ ખોરાક ન ખાવા દેવા વગેરે) છોડવા માટે સમજાવવું.
- જરૂરીયાતમંદને સંદર્ભ સેવા માટે સમજાવવું.
- સુવાવડ માટે અને બાળકોને સંદર્ભ સેવા વખતે સાથે જવું.
- ચેપી રોગોથી બચાવ માટે સમજાવવું.
- તાવ, શરદી, ખાંસી, ઝાડા, જખ્મની સારવાર આપવી.
- ક્ષયરોગના દર્દીઓને રૂબરૂ દવા ગળાવવી.
- રાષ્ટીય હાથી પગાના દિવસે લોકોને દવા ગળાવવી.
- રકતપિત્તના શંકાસ્પદ દર્દીઓના નામ આરોગ્ય કર્મચારીને આપવા.
- જન્મ, મરણ, સંક્રામક રોગોની જાણ આરોગ્ય કર્મચારીને કરવી.

**રેકોર્ડસ :**
ટ્રેનીંગ મોડયુલ,
આશા ડાયરી

## એચ.આર.મેનેજરની ફરજો

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આયુષ તબીબને એચ.આર.મેનેજરની કામગીરી સોપવામાં આવી છે તેની ટૂંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે.

- દરેક કર્મચારીની સેવાપોથી/ફાઈલ તૈયાર કરાવવી.
- તમામ કર્મચારીઓને પ્રાથમિક પરિચય તાલીમ આપવી. (Induction Training).
- કર્મચારીઓને જોબ ચાર્ટ આપવા. (Job Responsibility)
- કર્મચારીઓ માટે તાલીમનું આયોજન કરવું.
- કર્મચારીઓની નેમપ્લેટ બનાવડાવી અને ડ્રેસ અપાવવા.
- કર્મચારીઓનું નિયમિત મેડીકલ ચેક અપ કરાવવું તથા રેકોર્ડ રાખવા.
- કર્મચારીઓને અન્ય પ્રોત્સાહક લાભો અપાવવા.

**રેકોર્ડ્સ :**

- કર્મચારીઓના બાયોડેટા/સર્ટીફીકેટ
- તાલીમ વિષયક રેકોર્ડ
- તાલીમનું આયોજન
- નિયમિત કર્મચારીઓનું લીસ્ટ
- આઉટસોર્સથી ભરતી પાગેલા કર્મચારીઓનું લીસ્ટ
- એડહોકથી ભરતી પાગેલા કર્મચારીઓનું લીસ્ટ
- ઇન્ડકશન ટ્રેનીંગની વિગત

## વોર્ડ આયાની ફરજો

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ - ૪ વોર્ડ આયાની કામગીરીની ટૂંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત એમની યોગ્યતા અને ક્ષમતાને ધ્યાને લઈ તબીબી અધિકારીશ્રીએ અન્ય કામો પણ સોંપી શકશે.

- ઓ.પી.ડી માં દર્દીઓ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવી. Que Management
- દવાખાનામાં ઓફીસ, ઓ.પી.ડી, વોડ, લેબોરેટરી, લેબર રૂમ, ઓપરેશન થીયેટર, પોસ્ટ મોર્ટમ રૂમની સફાઈ કરવી, ડસ્ટિંગ કરવું.
- મીટીંગમાં ચા પાણી આપવાના.
- છત, બારી બારણા, ફર્નીચર તથા તમામ સાધનોની સફાઈ કરવી.
- ઓ.ટી. લેબરરૂમ, ડ્રેસિંગના સાધનસામગ્રીની સફાઈ કરી વ્યવસ્થિત ગોઠવવા.
- કપડા અને લીનન ની સફાઈ કરાવવી.
- કીટક નિયંત્રણની કામગીરી કરવી.
- બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ કરવો.
- ઈન્ફેકશન કંટ્રોલની કામગીરી કરવી.
- દવાખાનામાં સજાવટની કામગીરી કરવી.

## વર્ગ ૪ ના કર્મચારીઓની ફરજો

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ - ૪ની કામગીરીની ટૂંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત એમની યોગ્યતા અને ક્ષમતાને ધ્યાને લઈ તબીબી અધિકારીશ્રીએ અન્ય કામો પણ સોપી શકશે.

- કેમ્પસની અને બગીચાની સફાઈ કરવી.
- કપડા અને લીનેન ની સફાઈ કરવી.
- વોશ બેઝિન અને શૌચાલયની સફાઈ કરવી.
- દુર્ગંધ નિવારણની કામગીરી કરવી.
- સામાન લાવવા તથા લઈ જવાની કામગીરી કરવી.
- દવાઓ લાવવા તથા લઈ જવાની કામગીરી કરવી.

## સુરક્ષા કર્મચારીની ફરજો

પ્રાથમિક આરોગ્ય કનદ્રના રક્ષણની જવાબદારી સંભાળનાર વર્ગ - ૪ના કર્મચારીની કામગીરીની ટૂંકી વિગત નીચે બતાવ્યા પ્રમાણે રહેશે. આ ઉપરાંત એમની યોગ્યતા અને ક્ષમતાને ધ્યાને લઈ તબીબી અધિકારીશ્રી અન્ય કામો પણ સોંપી શકશે.

- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનની સુરક્ષા.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્ટોરની સુરક્ષા અને સાધનોની સુરક્ષા.
- દર્દીઓ અને દર્દીના સંબંધીઓના સામાનની સુરક્ષા.
- દવાખાનાના કર્મચારીઓ અને એમના સામાનની સુરક્ષા.
- વાહનોની અવર-જવર પર નિયંત્રણ રાખવું અને પાર્કિંગ કરાવવું.
- આગ લાગે ત્યારે ઓલાવવાની કામગીરી કરવી.
- હોસ્પિટલમાં થનાર કોઈ પણ દુર્ઘટના અને ડીઝાસ્ટરના અટકાયત માટે તાત્કાલિક પગલાં લેવા.
- હોસ્પિટલમાં થનાર કોઈ પણ દુર્ઘટના અને ડીઝાસ્ટરની જાણ તાત્કાલિક તબીબી અધિકારીને કરવી.
- વોર્ડમાં દર્દીના સંબંધીઓની અવર-જવરનું નિયંત્રણ કરવું.
- અસામાજિક તત્વોનો હોસ્પિટલમાં પ્રવેશ અટકાવવો. (શંકાસ્પદ લોકોની તપાસ લેવી)
- અપંગ દર્દીઓને મદદ કરવી.
- ઈમરજન્સી આવનાર દર્દીઓને એમ્બ્યુલન્સમાં ચઢાવવા-ઉતારવામાં મદદ કરવી.
- હોસ્પિટલમાં ધૂમ્રપાન નિષેધ, દારૂબંધી, સ્વચ્છતા અને અન્ય કાયદાઓનો અમલ કરાવવો.
- દવાખાનામાં કાયદાઓ તોડવા બદલ દંડની રકમ વસૂલ કરાવવી.
- પોલીસ સ્ટેશન સાથે સંકલન અને મદદ લેવી.

## શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં સ્ટાફ સેટઅપ માહિતી

| અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ રાજકોટ મહાનગરપાલિકાનું સપ્ટેમ્બર-૨૦૨૬નું કર્મચારી સેટઅપ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
| ૧ | મેડીકલ ઓફિસર | ૨૭ | ૧૯ | ૮ |
| ૨ | ગાયનેકોલોજીસ્ટ (સ્ત્રી રોગ નિષ્ણાંત) | ૨ | ૦ | ૨ |
| ૩ | પીડિયાટ્રીશીયન (બાળ રોગ નિષ્ણાંત) | ૨ | ૦ | ૨ |
| ૪ | ફાર્માસિસ્ટ | ૩૩ | ૩૨ | ૧ |
| ૫ | લેબ. ટેક | ૩૩ | ૩૧ | ૨ |
| ૬ | સિનિયર ક્લાર્ક | ૨ | ૦ | ૨ |
| ૭ | ફિમેલ હેલ્થ વર્કર | ૧૬૨ | ૧૪૯ | ૧૩ |
| ૮ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | ૧૬૭ | ૧૪૦ | ૨૭ |
| ૯ | સ્ટાફ નર્સ | ૧૩ | ૯ | ૪ |
| ૧૦ | એક્સ-રે ટેકનીશયન | ૨ | ૨ | ૦ |
| ૧૧ | મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર | ૩૧ | ૦ | ૩૧ |
| ૧૨ | ફિમેલ હેલ્થ સુપરવાઈઝર | ૩૧ | ૦ | ૩૧ |
| ૧૩ | જુનિયર ક્લાર્ક | ૨ | ૦ | ૨ |
| | | ૫૦૭ | ૩૮૨ | ૧૨૫ |

## આરોગ્ય શાખા સ્ટાફ સેટઅપ

| **આરોગ્ય શાખા રાજકોટ મહાનગરપાલિકા** | | | | | |
|---|---|---|---|---|---|
| **માહે ઓગષ્ટ ૨૦૨૬** | | | | | |
| **ક્રમ** | **જગ્યાનું નામ** | **કુલ જગ્યા** | **ભરેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **અન્ય વધુ સેટઅપ સિવાયના કર્મચારીઓ** |
| ૧ | મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ | 1 | 1 | 0 | |
| ૨ | ડે. હેલ્થ ઓફીસર | 4 | 4 | 0 | |
| ૩ | મેડીકલ ઓફીસર | 4 | 3 | 1 | |
| ૪ | મેડીકલ ઓફીસર (આયુર્વેદ) | 2 | 2 | 0 | |
| ૫ | મેનેજર | 1 | 1 | 0 | |
| ૬ | હેડ ક્લાર્ક | 2 | 1 | 1 | |
| ૭ | સીનીયર ફુડ સેફ્ટી ઓફીસર | 1 | 1 | 0 | |
| ૮ | ફુડ સેફ્ટી ઓફીસર | 7 | 2 | 5 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | સેનેટરી ઈન્સ્પેક્ટર | 3 | 0 | 3 | |
| ૧૦ | સુપ્રિ. જન્મ-મરણ | 3 | 3 | 0 | |
| ૧૧ | સી. ક્લાર્ક | 3 | 2 | 1 | |
| ૧૨ | હેલ્થ વિઝિટર | 2 | 0 | 2 | |
| ૧૩ | વેક્સી. સુપરવાઈઝર | 2 | 2 | 0 | |
| ૧૪ | સેનેટરી સબ ઈન્સ્પેક્ટર | 11 | 0 | 11 | |
| ૧૫ | જુનિયર ક્લાર્ક | 13 | 14 | 0 | 1 |
| ૧૬ | વેક્સીનેટર | 3 | 3 | 0 | |
| ૧૭ | ફીમેલ હેલ્થ વર્કર | 8 | 1 | 7 | |
| ૧૮ | ઓક્ઝીલરી નર્સ કમ મિડવાઈફ | 2 | 2 | 0 | |
| ૧૯ | જુનિયર ફાર્માસિસ્ટ | 6 | 5 | 1 | |
| ૨૦ | જુનિયર ફાર્માસિસ્ટ (આયુર્વેદ) | 1 | 0 | 1 | |
| ૨૧ | ફીલ્ડ વર્કર ફેમેલી વેલફેર | 1 | 0 | 1 | |
| ૨૨ | ડ્રાઈવર | 6 | 0 | 6 | |
| ૨૩ | ડ્રેસર | 0 | 0 | 0 | |
| ૨૪ | ડ્રેસર કમ પટ્ટાવાળા | 4 | 1 | 3 | |
| ૨૫ | પટ્ટાવાળા | 7 | 1 | 6 | |
| ૨૬ | આયા | 4 | 0 | 4 | |
| ૨૭ | પાણી અને સફાઈ ભહેન | 5 | 2 | 3 | |
| ૨૮ | મજુર | 8 | 8 | 0 | |
| ૨૯ | જુનિયર ડેટા એન્ટ્રી ઓપરેટર | 0 | 2 | 0 | 2 |
| 30 | કોમ્પ્યુટર ઓપરેટર | 0 | 1 | 0 | 1 |
| | **કુલ :-** | **114** | **62** | **55** | **4** |

| રા.મ.ન.પા./મહેકમ/૧૨૬૬ તા.૨૧/૦૮/૨૦૨૫ તથા સામાન્ય સભા ઠરાવ નં.૨૧ તા.૧૯/૦૭/૨૦૨૫ અન્વયેનું આરોગ્ય શાખા (કતલખાના- સ્લોટર હાઉસ) કર્મચારી સ્ટાફ સેટઅપ | | | | | |
|---|---|---|---|---|---|
| માહે ઓગષ્ટ ૨૦૨૬ | | | | | |
| **ક્રમ** | **જગ્યાનું નામ** | **કુલ જગ્યા** | **ભરેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **અન્ય વધુ સેટઅપ સિવાયના કર્મચારીઓ** |
| ૧ | વેટરનરી ઓફિસર | ૧ | ૧ | ૦ | |
| ૨ | સેનેટરી ઈન્સ્પેક્ટર | ૧ | ૧ | 0 | |
| 3 | સેનેટરી સબ ઈન્સ્પેક્ટર | ૨ | ૦ | ૨ | |
| ૪ | જુનિયર ક્લાર્ક | ૧ | ૦ | ૧ | |
| ૫ | મીટ સ્ટેમ્પર | ૧ | ૦ | ૧ | |
| કુલ | | ૬ | ૨ | ૪ | |

## પ્રશ્ન નં.૦૧ (૩)

## પત્રક-૨

**(૧) હેલ્થ ગ્રાંટ**

સરકારશ્રી દ્વારા આરોગ્ય શાખા હેઠળ અલાયદા અર્બન હેલ્થ સેલની રચન કરવામાં આવેલ છે. આ માટે સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ રૂ. ૧૧.૬૬,૧૦,૦૦૦/- તથા વર્ષ ૨૦૨૫-૨૬માં ૩ ૧૦,૫૧,૦૦,૦૦૦/-ની ગ્રાંટ ફાળવણી કરવામાં આવેલ છે. સરકારશ્રીમાંથી ફાળવવામાં આવતી ગ્રાંટમાંથી પગાર ભથ્થા, ઈન્સેન્ટીવ તેમજ અન્ય આનુષંગિક ખર્ચ જેવાકે નોન સ્લમ આશા ઈન્ડન્સેન્ટીવ, આરોગ્ય કેન્દ્ર વીજળી ખર્ચ, આરોગ્ય ટેલિફોન ખર્ચ, અર્બન આઉટસોર્સ સ્ટાફ ખર્ચ, બાયો મેડિકલ વેસ્ટ ખર્ચ જેવા ખર્ચ કરવામાં આવે છે.

**(૨) દિન દયાળ ક્લનિક ગ્રાંટ**

સરકારશ્રી દ્વારા દીન દયાળ ઔષધાલય કાર્યરત કરવામાં માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૨,૮૬,૬૦,૦૦૦/- તથા વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૬૯,૦૦,૦૦૦/-ની ગ્રાંટ ફાળવણી કરવામાં આવેલ છે. આ ગ્રાંટનો ઉપયોગ દીન દયાળ ઔષધાલયમાં કાર્યરત મેડિકલ ઓફીસરના પગાર ભથ્થા તથા દીન દયાળ ઔષધાલય ભાડે રાખેલ હોય, તેના મકાન માલિકીને ભાડું ચૂકવવા માટે કરવામાં આવે છે.

**(૩) આશા ફેસિલિટેટર ગ્રાંટ**

સરકારશ્રી દ્વારા આશા તથા આશા ફેસિલિટેટરને ૫૦% ટોપ અપ તેમજ દર માસે રૂ. ૨૫૦૦/- ફિક્સ ઈન્સેન્ટીવ તરીકે ચૂકવણું કરવા વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૧,૩૫,૦૦,૦૦૦/- તથા વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૨,૬૮,૦૦,૦૦૦/-ની ગ્રાંટ ફાળવણી કરવામાં આવેલ છે.

**(૪) CMTC**

વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૨૫,૦૦,૦૦૦/-ની ગ્રાંટ ફાળવવામાં આવેલ. આ ગ્રાંટમાંથી ચાઈલ્ડ માલન્યુટ્રીશન ટ્રીટમેન્ટ સેન્ટરની ગાઈડલાઈન મુજબ કુપોષિત બાળકોને પોષણયુક્ત ખોરાકના ખર્ચ, CMTC અંતર્ગત ફરજ બજાવતા કરારબદ્ધ કર્મચારીઓ જેવાકે, ન્યુટ્રીશનીસ્ટ, કુક કમ કેર ટેકર, આયાબેન/ક્લિનરનું ફિક્સ વેતન તથા અન્ય પરચુરણ ખર્ચ કરવામાં આવે છે.

સરકારમાંથી છેલ્લા ૨ વર્ષ (વર્ષ ૨૦૨૪ - ૨૫ અને વર્ષ ૨૦૨૫ – ૨૦૨૬ માં આવેલ ગ્રાન્ટ, વપરાશ અને વણવપરાશ ગ્રાન્ટની વિગત)

| ક્રમ | યોજના | અગાઉના વર્ષની બચત | આવેલ ગ્રાન્ટની વિગત | કૂલ ગ્રાન્ટ | વપરાશ | વણવપરાશ ગ્રાન્ટ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અર્બન મેલેરિયા પગાર ખર્ચ | 0 | 4,10,81,834.00 | 4,10,81,834.00 | 8,21,55,946 | | સરકારશ્રીમાં ખર્ચ પત્રક જમા કરાવેલ છે. ગ્રાન્ટ ફાળવણી પ્રોસેસમાં છે. |
| ૨ | વાહક જન્ય રોગ નિયંત્રણ (GOG ગ્રાન્ટ) | 64,37,258 | 1,70,00,000.00 | 2,34,37,258 | 1,51,66,164 | 82,71,094 | વણવપરાશ ગ્રાન્ટ પછીના વર્ષમાં વપરાશ લેવામાં આવે છે પરત જમા કરાવવામાં આવેલ નથી. |

- કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય યોજના (તબીબી સહાય યોજના) યોજના માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે. આ યોજનામાં કેન્સર, રક્તપિત, ક્ષય(ટી.બી.), એચ.આઈ.વી. એઇડ્સ, પ્રસુતિના ગંભીર રોગના કિસ્સામાં, સ્ત્રીઓને થતાં પાંડુરોગ જેવા રોગોનો સમાવેશ થાય છે આ યોજનામાં વર્ષ ૨૦૨૪-૨૫માં કૂલ રૂ.૧,૨૫,૧૭,૦૦૦/- તથા વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૨,૭૨,૫૦,૦૦૦/- ગ્રાન્ટની ફાળવણી કરવમાં આવે છે.
- જનની સુરક્ષા યોજના (JSY) યોજના માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે આ યોજનામાં સર્ગભા માતાને પોષણ મળી રહે તે હેતુ માટે આ યોજનામાં વર્ષ ૨૦૨૪-૨૫માં કૂલ ૭,૨૦,૦૦૦/- તથા ૨૦૨૫- ૨૬માં ૭,૨૦,૦૦૦/- ગ્રાન્ટની ફાળવણી કરવમાં આવે છે
- નીક્ષય પોષણ યોજના (તબીબી સહાય યોજના)" યોજના માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે આ યોજનામાં ક્ષય(ટી.બી)ના દર્દીના પોષણ માટે વર્ષ ૨૦૨૪-૨૫માં કૂલ ૧,૨૧,૭૦,૦૦૦/- તથા વર્ષ ૨૦૨૫-૨૬માં ૧,૭૮,૫૦,૦૦૦/- ગ્રાન્ટની ફાળવણી કરવમાં આવે છે.
- જોખમી અને અતિ જોખમી સગર્ભાની બીજી સોનોગ્રાફી માટે SRESTHA-G અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૨,૬૦,૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ.

## પ્રશ્ન નં.૦૧ (૩)

## પત્રક-૩

**નાયબ આરોગ્ય અધિકારી દ્વારા નીચે મુજબની કામગીરી અને ફરજો નિભાવવાની રહેશે.**

1. તેઓનાં હદ વિસ્તારમાં આવતા શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર, શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મોબાઈલ યુનિટ, શહેરી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, દિનદયાલ ઔષધાલય, ઝોનલ મેલેરિયા ઓફીસ, ઝોનલ જન્મ મરણ વિભાગ વગેરેનું શહેરી આરોગ્ય સેવાઓના સંકલનથી પ્રાથમિક આરોગ્ય સંભાળની પ્રવૃત્તિઓનું આયોજન, તેનો અમલ કરાવવો, મોનીટરીંગ અને મદદરૂપ થાય તેવું સુપરવિઝનની કામગીરી કરશે તેઓ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના સીધા નિયંત્રણ હેઠળ કામગીરી કરશે.
2. સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક - આરસીએચ/૧૦૯૮/૧૦૬/આર તા.૩૦/૯/૨૦૦૪ અને ઠરાવ ક્રમાંક-એચએસપી-૧૦૮૨-૩૦૧૨-અ, તા.૧૦/૮/૨૦૦૪ થી મેડીકલ ઓફિસરને આપેલ નાણાંકીય સત્તાઓ મુજબની ડેપ્યુટી હેલ્થ ઓફિસરની નાણાંકીય સત્તાઓ રહેશે.
3. તેમના સીધા નિયંત્રણ હેઠળ વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ની પરચુરણ રજા મંજુર કરી શકશે અને અન્ય રજાઓ અંગે આરોગ્ય અધિકારીને ભલામણ કરશે. કોઈપણ કર્મચારી કે અધિકારીએ રજા મંજૂર કરાવવા માટે વડી કચેરીએ રૂબરૂ ન આવતા, નાયબ આરોગ્ય અધિકારીની ભલામણ મારફત આરોગ્યનું મહેકમ સંભાળતા ક્લાર્કને રજા ફોર્મ રજૂ કરવાનું રહેશે. રજા ફોર્મમાં મેડીકલ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી દ્વારા રજાનો સ્પષ્ટ અભિપ્રાય જણાવવાનો રહેશે. રજા મંજૂર કરતી વખતે સંવર્ગનો સંખ્યા બળ ઉપરાંત ગેરહાજરીને કારણે ઉપસ્થિત થતા વહીવટી અને ટેકનીકલ પ્રશ્નો ઉપરાંત અન્ય તમામ બાબતો ધ્યાને લેવાની રહેશે. આ ઉપરાંત આ અંગે કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો જવાબદારી જે તે લગત મેડીકલ ઓફિસરશ્રી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રીની રહેશે.
4. ઝોનનાં નાણાંકીય સદરોના હિસાબો જાળવવા, ખર્ચપત્રકો નિયમિત મોકલવાની ઓડીટ પારા નિકાલની કામગીરી કરશે.
5. શ.પ્રા.આ.કે. પર થતી કામગીરીનાં આંકડા એકત્ર કરશે તેનું પૃથ્થકરણ કરીને તેને કોર્પોરેશન કક્ષાએ મોકલશે તથા શ.પ્રા.આ.કે. ને જરૂરી "ફીડબેક" આપશે. આંકડાના પૃથ્થકરણને આધારે કામગીરીમાં જ્યાં જરૂર જણાય ત્યાં સુધારો લાવશે.
6. ઝોન વિસ્તારના તબીબી અધિકારીઓ અને સ્ટાફની રીવ્યુ મીટીંગ યોજશે તેમજ કોર્પોરેશન કક્ષાએ રાખવામાં આવતી કામગીરી-રીવ્યુ મીટીંગોમાં ઝોનની જરૂરી માહિતી સાથે હાજરી આપશે.
7. તેમનાં તાબાના શ.પ્રા.આ.કે. વિસ્તારના મેડીકલ ઓફિસર તેમજ સુપરવાઇઝરી કર્મચારીઓના ફેરણી કાર્યક્રમો મેળવશે તેમજ વિસ્તારના પેટા કેન્દ્રોમાં મેડીકલ ઓફિસરની હાજરીમાં માતૃ બાળકલ્યાણ ક્લીનીક યોજાય તે જોશે.
8. શ.પ્રા.આ.કે., હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તથા પંડિત દિનદયાલ ઔષધાલય સમયાંતરે મુલાકાત લઇ કામગીરીનું મુલ્યાંકન કરીને તેમાં જણાતી ખામીઓ સુધારવા માટે માર્ગદર્શન પૂરું પાડશે.
9. રાષ્ટ્રીય કાર્યક્રમો માટે જરૂરી સાહિત્ય, સાધન-સામગ્રી તથા દવાઓ સમયસર અને જરૂરી માત્રામાં મળી રહે તે માટે સગવડ કરશે.

10. તાબાનાં શ.પ્રા.આ.કે./શ.સા.આ.કે. ને વેક્સીનનો પુરવઠો નિયત સમયે પુરતો મળે તેવી લોજીસ્ટીક અને કોલ્ડ ચેઇન વ્યવસ્થા ગોઠવશે. શ.પ્રા.આ.કે. કક્ષાએ અને શહેરી વિસ્તારોમાં યોજાતા મમતા દિવસનાં આયોજન મુજબ વેક્સીનેશન સેશન નિયમિત યોજાય તેની તકેદારી રાખશે.
11. નેશનલ વેક્ટરબોર્ન ડીસીસ કંટ્રોલ પ્રોગ્રામ, આર.સી.એચ.સેવાઓ, આર.એન.ટી.સી.પી., રક્તપિત્ત નિર્મુલન કાર્યક્રમ, શાળા આરોગ્ય કાર્યક્રમ, દ્રષ્ટિ ખામી તથા અંધત્વ નિવારણ કાર્યક્રમનો તેમના વિસ્તાર હેઠળના શ.પ્રા.આ.કે. તેમજ શ.સા.આ.કે. માં અસરકારક અમલ કરાવવો.
12. ઝોન વિસ્તારમાં લોકભાગીદારીથી વેક્ટર કંટ્રોલ માટેના પગલા યોજશે.
13. રોગચાળા તથા ઋતુ આધારીત રોગો સામે અસરકારક રોગ અટકાયતી પગલાં લેવા તથા સઘન સારવાર વ્યવસ્થા ગોઠવવામાં તબીબી અધિકારી, શ.પ્રા.આ.કે. અને અધિક્ષકશ્રી, શ.સા.આ.કે. ને જરૂરી સહાય પુરી પાડશે.
14. ઝોનલ આઇ.ઇ.સી. ઇન્ચાર્જ કર્મચારીની મદદથી આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિઓનું આયોજન તથા અમલ કરાવશે.
15. ઝોનલ આઇ.ઇ.સી. ઇન્ચાર્જ કર્મચારીની મદદથી ઝોન કક્ષાએ આવતાં પુસ્તકો અને સામયિકોને નાની લાયબ્રેરીના રૂપમાં જાળવશે.
16. શ.પ્રા.આ.કે. ખાતે તથા પેટા કેન્દ્ર ખાતે નિયત ફોર્મસ અને રજીસ્ટર્સ ઉપલબ્ધ કરાવશે.
17. ઝોનમાં આવેલ ખાનગી તબીબો તથા સ્વૈચ્છિક સંસ્થાઓના જીવંત સંપર્કમાં રહેશે અને પ્રાથમિક આરોગ્ય સંભાળ માટેના કામમાં સહકાર મેળવશે. કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અન્ય વિભાગ હસ્તકની આરોગ્ય સેવાઓ અને તેના સ્ટાફ સાથે સંકલન કરશે.
18. વિસ્તારના શ.પ્રા.આ.કે./ પેટા કેન્દ્રો / આંગણવાડી કેન્દ્રો તેમજ શ.સા.આ.કે. વચ્ચે સંદર્ભ સેવાઓની સુગઠિત કડી રચાય તેમ કરશે તેમજ સંલગ્ન શ.સા.આ.કે. માં યોજાતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિષયક કેમ્પોમાં મુખ્ય ઓર્ગેનાઇઝર તરીકેની ભૂમિકા ભજવશે.
19. આ ઉપરાંત આરોગ્ય અધિકારી તરફથી સોંપવામાં આવે તે કામગીરી કરવાની રહેશે.
20. ઝોનમાં કાર્યરત નિયમિત ફરજ બજાવતા, એન.એચ.એમ. અંતર્ગત કરાર આધારીત ફરજ બજાવતા અને આઉટસોર્સિંગ એજન્સી મારફત ફરજ બજાવતા વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ નિમણુંક પામેલ તમામ કર્મચારીગણ ઉપર સુપરવિઝનની કામગીરી.
21. લોકસભા, વિધાનસભા, કોર્પોરેટરશ્રીનાં, સ્થાનિક પ્રશ્નોનાં નિકાલની કામગીરી.
22. આર.ટી.આઈ. અંતર્ગત ઝોનનાં નોડલ અધિકારી તરીકેની કામગીરી કરવાની રહેશે.
23. તમામ પ્રકારના કોર્ટ કેસોને લગતી બાબતોની ઝોનની સંપૂર્ણ જવાબદારી રહેશે.
24. બજેટ, ગ્રાન્ટ, ફંડ સબંધિત બાબતો ઉપરાંત યુ.ટી.સી. અને ઓડીટ સર્ટીફીકેટ તૈયાર કરી વડી કચેરીએ સુપ્રત કરવાની જવાબદારી નિભાવવાની રહેશે. આ ઉપરાંત એ.જી. ઓડીટ પેરા, સી.એ.જી. ઓડીટ પેરા, ખાતાકીય ઓડીટ પેરા, સ્ટોર વેરીફીકેશન, હાફ માર્જીન કમ્પ્લાયન્સ વગેરે બાબતોની જવાબદારી નિભાવવાની રહેશે.
25. પ્રોગ્રામ, સ્કીમની તાંત્રિક અને વહીવટી જવાબદારી નિભાવવાની રહેશે.
26. કોર્પોરેશન કક્ષાએથી માંગવામાં આવતી માહિતી તાત્કાલિક અદ્યતન સ્વરૂપમાં પહોચાડવાની રહેશે.
27. આરોગ્ય અધિકારી ઉપરાંત કોર્પોરેશન કક્ષાએ ફરજ બજાવતા પ્રોગ્રામ ઓફિસરો દ્વારા આપવામાં આવતી સૂચનાઓ અને તેનું અમલીકરણ કરવાનું રહેશે.
28. નાયબ આરોગ્ય અધિકારીશ્રી દૈનિક ધોરણે ટૂર ડાયરી નિભાવવાની રહેશે. આ ઉપરાંત દૈનિક ધોરણે મમતા દિવસ સુપરવિઝન, એન.સી.ડી. કેમ્પનું સુપરવિઝન, શ.પ્રા.આ.કે., શહેરી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની સંપૂર્ણ પ્રોગ્રામેટીક અને વહીવટી દ્રષ્ટિએ સુપરવિઝન અને મોનીટરીંગ

મુલાકાત, વેરી હાઈ રિસ્ક સગર્ભા મુલાકાત, ટીબી પોઝીટીવ કેસની મુલાકાત, આઉટબ્રેક સ્થળની મુલાકાત કરવાની રહેશે.

29. નાયબ આરોગ્ય અધિકારી દ્વારા પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. અંતર્ગત સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રીએટ ઓથોરીટી તરીકે કામગીરી સંભાળવાની રહેશે. આ ઉપરાંત એચ.એમ.આઈ.એસ., ટેકો ઉપરાંત રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનાં આરોગ્યનાં પોર્ટલનું સુપરવિઝન અને મોનીટરીંગ કરવાનુ રહેશે.
30. નાયબ આરોગ્ય અધિકારી દ્વારા શ.પ્રા.આ.કે. ખાતે ઉપસ્થિત થતા વહીવટી, ટેકનીકલ ઉપરાંત સ્ટાફને લગત આંતરિક પ્રશ્નો ઉપરાંત વર્તણુકને લગત પ્રશ્નોનું સ્થાનિક નિરાકરણ કરવાનું રહેશે.

નાયબ આરોગ્ય અધિકારીની છેલ્લા ૨ વર્ષની ફિલ્ડ વિઝીટની વિગતો

| ફિલ્ડ વિઝીટની વિગત | વેસ્ટ ઝોન | સેન્ટ્રલ ઝોન | ઈસ્ટ ઝોન |
|---|---|---|---|
| મમતા દિવસ વિઝીટ | ૯૬ | ૭૨ | ૯૨ |
| આરોગ્ય કેન્દ્રોની મુલાકાત (UPHC, AAM, PDA) | ૭૮ | ૬૨ | ૮૨ |
| આરોગ્ય કેન્દ્ર સ્ટાફ રીવ્યુ મીટીંગ | ૯૨ | ૮૯ | ૮૮ |
| જોખમી સગર્ભા રસીકરણથી વંચિત બાળકો, માતામરણની વર્બલ ઓટોપ્સી, ટીબીની વર્બલ ઓટોપ્સી વગેરે અઠવાડિક વિઝીટ | ૧૧૨ | ૧૧૦ | ૧૦૨ |
| PC & PNDT સ્થળ તપાસ તથા રિન્યુઅલ વિઝીટ | ૧૨૫ | ૮૦ | ૭૦ |
| નવા હેલ્થ સેન્ટર બાંધકામ, રોગચાળા નિયંત્રણ મેડીકલ કેમ્પ વગેરે અન્ય મુલાકાત | ૫૨ | ૪૮ | ૪૬ |

## પ્રશ્ન નં.૦૧ (3)

## પત્રક-૪

| RMC દ્વારા કોન્ટ્રાક્ટ બેઈઝથી મેળવેલ વાહન (કોર્પોરેશનની ગ્રાંટ) | | |
|---|---|---|
| RMC દ્વારા ફાળવેલ વાહન | | |
| ક્રમ. | કોને ફાળવેલ | વાહન નંબર |
| 1 | ફૂડ બ્રાંચ | GJ 18 AZ 5377 |
| 2 | ફૂડ બ્રાંચ | GJ 03 NB 8322 |
| 3 | DY MOH CZ | GJ 03 BW 8240 |
| 4 | DY MOH EZ | GJ 03 NF 2100 |
| 5 | DY MOH WZ | GJ 11 AB 5523 |
| | | |
| RMC દ્વારા કોન્ટ્રાક્ટ બેઈઝથી મેળવેલ વાહન (રાજ્ય સરકારશ્રીની ગ્રાંટ) | | |
| ક્રમ. | કોને ફાળવેલ | વાહન નંબર |
| 1 | RAMPARK UHC | GJ 03 KH 9548 |
| 2 | MADHAPAR UHC | GJ 10 BG 9308 |
| 3 | NARAYAN NAGAR UHC | GJ 06 PA 3586 |
| 4 | RAMNATHPARA UHC | GJ 10 BG 4352 |
| 5 | HUDKO UHC | GJ 03 JR 7863 |
| 6 | CVD UHC | GJ 03 MP 4662 |
| 7 | MORBI ROAD UHC | GJ 01 KF 0485 |
| 8 | KOTHARIYA UHC | GJ 03 KP 3881 |
| 9 | LAXMINAGAR UHC | GJ 03 KP 8093 |
| 10 | RAIYADHAR UHC | GJ 03 CU 0539 |
| 11 | VAVDI UHC | GJ 03 EL 9164 |
| 12 | KANKOT ROAD UHC | GJ 14 AP 6659 |
| 13 | RAILNAGAR UHC | GJ 03 LM 7861 |
| 14 | DEEPVAN UHC | GJ 03 CE 5842 |
| 15 | MALDHARI UHC | GJ 03 DN 3934 |
| 16 | RCHO | GJ 18 BB 0642 |

## પ્રશ્ન નં.૦૧ (3)

## પત્રક-૫

| વોર્ડ નામ | શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | આયુષ્માન આરોગ્ય મંદિરનું નામ |
|---|---|---|
| વોર્ડ ૧ | શ્યામનગર આરોગ્ય કેન્દ્ર | પંચાયત ચોક |
| | રૈયાધાર આરોગ્ય કેન્દ્ર | બંસીધર પાર્ક ૧ |
| | | રૂડા 3 |
| વોર્ડ ૯ | મુંજકા આરોગ્ય કેન્દ્ર | ગોપાલ ચોક |
| | નંદનવન આરોગ્ય કેન્દ્ર | સ્વામિનારાયણ પાર્ક |
| વોર્ડ ૧૧ | મવડીઆરોગ્ય કેન્દ્ર | ગોવર્ધન ચોક |
| | | જશરાજ નગર |
| | | મોટા માવા એચડબલ્યુસી |
| | કણકોટરોડ આરોગ્ય કેન્દ્ર | નવું વિશ્વનગર |
| વોર્ડ ૮ | નાનામૌવા આરોગ્ય કેન્દ્ર | સ્પીડવેલ પાર્ટી પ્લોટ |
| વોર્ડ ૧૧ | દીપવન હેલ્થ સેન્ટર | કૃષ્ણ પાર્ક |
| વોર્ડ ૧૨ | વાવડી આરોગ્ય કેન્દ્ર | શ્રી નાથજી |
| વોર્ડ ૧૩ | આંબેડકરનગર આરોગ્ય કેન્દ્ર | હિંગળાજનગર |
| વોર્ડ ૧૪ | લક્ષ્મીનગર આરોગ્ય કેન્દ્ર | વૈશાલીનગર |
| | | ભૌમેશ્વર પ્લોટ |
| વોર્ડ ૨ | બજરંગવાડી આરોગ્ય કેન્દ્ર | ગાયત્રીધામ |
| | | રૂખડીયા પારા એચડબલ્યુસી |
| વોર્ડ ૩ | જંકશન હેલ્થ સેન્ટર | રેલ નગર હાઉસ ઓફ જાડેજા |
| | રેલનગર આરોગ્ય કેન્દ્ર | માધાપર |
| | માધાપર આરોગ્ય કેન્દ્ર | ઘંટેશ્વર |
| | | તિલક પ્લોટ |
| વોર્ડ ૭ | રામનાથપરા આરોગ્ય કેન્દ્ર | કોલેજ વાડી એચડબલ્યુસી |
| | વિજય પ્લોટ હેલ્થ સેન્ટર | નવલનગર આમ |
| વોર્ડ ૧૩ | નારાયણનગર આરોગ્ય કેન્દ્ર | ત્રિવેણી નગર આમ |
| | | કેવડાવાડી |
| વોર્ડ ૧૪ | એએચએમપી આરોગ્ય કેન્દ્ર | મિલપરા |
| | | શ્રદ્ધા પાર્ક |
| વોર્ડ ૧૭ | હુડકો હેલ્થ સેન્ટર | ન્યૂ લાલભાદુર |
| | ન્યૂ રઘુવીર હેલ્થ સેન્ટર | ઇન્દિરાનગર |
| | | જય પ્રકાશ નગર |
| વોર્ડ ૪ | ભગવતીપરા આરોગ્ય કેન્દ્ર | રોહિદાસ પારા |
| | | સોહમનગર |
| | મોરબી રોડ આરોગ્ય કેન્દ્ર | કલ્પતારુ |
| વોર્ડ ૧૪ | આઈ.એમ.એ. હેલ્થ સેન્ટર | વ્રજભૂમિ |
| વોર્ડ ૫ | માલધારી આરોગ્ય કેન્દ્ર | શિવનગર |

| | | |
|---|---|---|
| | | ત્રિવેણી |
| વોર્ડ ૬ | કબીરવન આરોગ્ય કેન્દ્ર | માંડાડુંગર |
| | રામ પાર્ક હેલ્થ સેન્ટર | ગંજીવાડા |
| | | કૃષ્ણ પાર્ક ૨ |
| વોર્ડ ૧૫ | સી.વી.ડી. આરોગ્ય કેન્દ્ર | પટેલ નગર-૫ |
| | | લખાજીરાજ ઉધ્યોગનગર એચડબલ્યુસી |
| | | નવું સાગર -૫ |
| વોર્ડ ૧૬ | પ્રણામિચોક આરોગ્ય કેન્દ્ર | વેલનાથ |
| વોર્ડ ૧૮ | કોઠારિયા આરોગ્ય કેન્દ્ર | રાધાકૃષ્ણ સો. એચડબલ્યુસી |
| | | ગુલાબનગર |
| વોર્ડ ૧૮ | કોઠારિયા સોલવન્ટ હેલ્થ સેન્ટર | કોઠારિયા સોલવંટ |

આયુષ્માન આરોગ્ય મદિર દરેક જગ્યાએ કૂલ ૫(પાંચ) કર્મચારી કામગીરી કરે છે જેમાં મેડીકલ ઓફિસર ૪૪, સ્ટાફ નર્સ ૪૪,મલ્ટી પર્પસ હેલ્થ વર્કર ૩૩, ગાર્ડ ૪૬, ક્લીનીંગ સ્ટાફ ૪૬ નો સમાવેશ થાય છે.

આયુષ્માન આરોગ્ય મંદિર હેઠળ કામગીરી  કરતા  કર્મચારીનો પગાર બજેટ નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ચૂકવામાં આવે છે, જેમાં મેડીકલ ઓફિસર, સ્ટાફ નર્સ, ગાર્ડ તથા ક્લીનીંગ સ્ટાફનો સમાવેશ કરવામાં આવે છે, અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનો પગાર બજેટ ૧૫માં નાણાપંચ અંતર્ગત ચૂકવામાં આવે છે.

આયુષ્માન આરોગ્ય મંદિરમાં નીચે મુજબની સુવિધાઓ આપવામાં આવે છે.

- નિઃશુલ્ક ઓ.પી.ડી. સેવાઓ
- સગર્ભા નોંધણી તથા સારવાર
- પ્રસુતિ, રસીકરણ
- કુટુંબ કલ્યાણની સેવાઓ
- સરકારી યોજનાની અમલવારી મારફતે નાણાકીય સહાય.
- નિઃશુલ્ક લેબોરેટરી તપાસ
- નિઃશુલ્ક દવાઓનું વિતરણ તથા હડકવાની રસી
- તજજ્ઞ તબીબો (સ્ત્રી રોગ અને બાલ રોગ નિષ્ણાંત) ની સેવાઓ
- રોગચાળા અટકાયતી કામગીરી
- બિન-ચેપી રોગોનું સ્કીનીંગ અને સંચાલન,મૌખિક સ્વાસ્થ્ય સેવાઓ
- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના" (PMJAY) અંતર્ગત સંલગ્ન હોસ્પિટલ દ્વારા ગંભીર બીમારીની સારવાર